૧૮૭૫

(૯૦૭)

# વ્યવહાર-નિશ્ચય-વિચાર

(શ્રીમાન્ શેઠશ્રી દામોદરદાસ જગજીવનદાસના 'આમુખ' સાથે)

અનુવાદકઃ

પંડિત મદનલાલ ચૌધરી

ન્યાયતીર્થ, H. P. H.

卐

પ્રકાશકઃ

શ્રી કાઠી. શ્વે. સ્થાનકવાસી જૈન સંઘ સમિતિ

રાજકોટ

કિંમત બાર આના

# વ્યવહાર-નિશ્ચય-વિચાર

(શ્રીમાન્ શેઠશ્રી દામોદરદાસ જગજીવનદાસના 'આમુખ' સાથે)


અનુવાદકઃ

પંડિત મદનલાલ ચૌધરી

ન્યાયતીર્થ, H. P. H.


卐


પ્રકાશકઃ

શ્રી કાઠી. શ્વે. સ્થાનકવાસી જૈન સંઘ સમિતિ

રાજકોટ

કિંમત બાર આના

# શ્રી સ્થાનકવાસી જૈન ચતુર્વિધ સંઘ સંગઠન

**હેતુ—**

૧. આપણા સ્થાનકવાસી જૈન સમાજનું મુખ્ય અવલંબન સાધુ સંસ્થા છે, તે પ્રત્યેનો ભક્તિભાવ અખંડ રહે,

૨. આપણા સમાજની શ્રદ્ધા, માન્યતા, અનુકંપા તથા દયા દાનની ભાવના સ્થિર રહે,

૩. જુદા જુદા સંઘાડાના સાધુ સાધ્વીઓ વચ્ચે પ્રેમ ભાવના તથા ઐક્યપણું જળવાઈ રહે,

૪. જુદા જુદા સંઘાડાના શ્રાવક શ્રાવિકાઓ વચ્ચેનો સહકાર સુદ્રઢ બને તેમજ,

૫. આપણા ચતુર્વિધ સંઘને હાની કરનાર તથા આપણી શ્રદ્ધામાં અસ્થિરતા લાવનાર કેટલીએક ઉભી થએલી પ્રવૃત્તિઓ નિર્મૂળ બને.

## શ્રી. કાઠી. શ્વે. સ્થાનકવાસી જૈન સંઘ સમિતિ

ઉપરના હેતુઓ બર લાવવા માટે રાજકોટમાં સં. ૧૯૯૭ના આશો વદી. ૫–૬–૭ તા. ૧૦–૧૧–૧૨ ઓકટોબર ૧૯૪૧ના રોજ મળેલ શ્રી કાઠી. ના સ્થા. જૈન સંઘોની સભાએ ઉપરોક્ત સમિતિનું ધ્યેય નીચે મુજબ મુકરર કરી, સમિતિની સ્થાપના કરી.

**શ્રી સ્થા. જૈન સમાજનો સર્વદેશીય વિકાસ, ઐક્ય અને સંરક્ષણ અર્થે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવી.**

# આમુખ

શ્રીમન્મેઘવિજય ઉપાધ્યાય વિરચિત 'યુક્તિપ્રબોધ નાટક' નામના ગ્રન્થના આધારે પ્રસ્તુત લેખ તૈયાર કરવામાં આવ્યો છે. સદરહુ ગ્રન્થ બનારસીદાસજી દ્વારા રજુ કરેલા અર્વાચીન દિગંબરોના મન્તવ્યોની પરીક્ષા તથા યુક્તિપૂર્વક ખંડન કરવાના હેતુથી સત્તરમા સૈકાના અંતમાં લખવામાં આવેલો છે. પ્રસ્તુત ગ્રન્થનું સંક્ષિપ્તરૂપમાં પ્રકાશન વર્તમાન-કાળમાં સોનગઢી સંત તરફથી ચાલતી પ્રવૃત્તિને આભારી છે. આ હિલચાલ અંગે સદરહુ ગ્રન્થ ઉપરથી તૈયાર કરેલો આ લેખ બહુ ઉપયોગી થઈ પડશે એમ માનીને સદરહુ ગ્રન્થમાંથી જરૂરનો ભાગ લઈ થોડા સુધારા સાથે પ્રસ્તુત લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

મૂળ ગ્રન્થ સંસ્કૃત ભાષામાં છે અને મારૂં સંસ્કૃત એટલું વિશાળ નથી કે હું તેને મૂળ સાથે મેળવી શકું, તોપણ આ લેખમાં આવેલા કેટલાક સિદ્ધાંતો બહુ અગત્યના છે એમ જાણીને અને પ્રકાશકના કહેવાથી, આ પ્રસ્તાવના લખવા પ્રેરાઉં છું.

સ્યાદ્વાદ એ જૈનદર્શનનો પાયો છે. અને તે તમામ ફિરકાઓને માન્ય છે. સ્યાદ્વાદનો પ્રતિપક્ષી શબ્દ એકાન્તવાદ છે. આજ સ્યાદ્વાદને છોડીને જ્યારે સ્યાદ્વાદના એક ભાગ (નિશ્ચયનય)નો અત્યન્ત આગ્રહ કરવામાં આવે છે ત્યારે તેમાંથી અધ્યાત્મવાદ જન્મે છે. અધ્યાત્મવાદની કોરી કડાક વાતો આરંભમાં સુંદર દેખાઈ જનતાને આકર્ષે છે. કારણ કે જન-સ્વભાવ ઓછે પરિશ્રમે વધારે લાભ મેળવવાનો હોય છે, પણ અહીં એક ભૂલ થાય છે.—જગતના અનુભવમાં એ વાત સિદ્ધ થયેલી છે કે જ્યારે તમને નિષ્કારણ અધિક માન મળે ત્યારે તમે જરૂર ભયની દૃષ્ટિથી જોજો. એજ રીતે જ્યારે વસ્તુ-વસ્તુના મૂલ્ય કરતાં સસ્તી કિંમતે મળે ત્યારે પણ જરૂર ભયની નજરથી જોવું જોઈએ; એ વાત જનતા ભૂલી જાય છે અને અલ્પ પરિશ્રમે મહાન લાભ મેળવવા લલચાય છે.

એજ પ્રસંગ આ ગ્રન્થના જન્મમાં પણ બનેલો છે. જો કે આવી આવી દલીલોથી જે ભાઇઓનાં ચક્ષુ તેજ-હત થયાં હોય, તેમના સમજવાની આશા તો થોડી હોય છે. પણ જે ભાઇઓ સંશયમાં હોય છે, તેમના માટે આવી પુસ્તિકા ઉપકારક નીવડે છે, અને પ્રકાશકની ભાવના પણ એજ છે કે, કોઇ અમુક સંખ્યામાં પણ મારા ભાંડુઓ અંજાતાં બચે તો તે પોતાનો શ્રમ સફળ માનશે.

મૂળ ગ્રન્થમાં બનારસીદાસનાં મંતવ્યનો ઉલ્લેખ કરી પછીથી તેનું નિરાકરણ કરવાનો પ્રયત્ન થયેલ છે. પણ આ રીતે જ્યારે કલ્પના પ્રાધાન્ય મંતવ્યો ઉભાં થાય તેની મર્યાદા હોઇ શકે નહિ. એનો જન્મ તો સ્મૃતિમાં આવતાં થયેજ જાય છે, એટલે તેના સંપૂર્ણ રદીયા મળી શકેજ નહિ. વળી જે કાંઇ મળી શકે, અને જે જે મંતવ્યો તે વખતે પ્રચલિત થયાં હોય, તેનાં પણ ઉપલભ્ય રદીયાનીજ આશા રાખી શકાય.

ભાઇઓ ઊંચામાં ઊંચી કલ્પના લેવા જતા એક વાત ભૂલી જાય છે, અને તે એ કે 'સાધ્યને સાધન માની લે છે.'

૧. શુદ્ધ ભાવને મોક્ષમાર્ગ કહે છે. શુદ્ધભાવનો અર્થ વિચારીએ તો મોહના એક પણ પરમાણું રહિતનો ભાવ. આ ભાવ તે સાધ્ય છે કે સાધન? અર્થાત્ સાધ્ય જ છે, તો હવે પછી સાધવાનું કાંઈ રહેતું નથી.

૨. વીતરાગ ભાવને મોક્ષમાર્ગ કહે છે. વીતરાગ ભાવની વ્યાખ્યા પણ ઉપર પ્રમાણેજ થઈ શકે.

૩. સ્વરૂપરમણને મોક્ષમાર્ગ કહે છે. આ શુકલ ધ્યાનનો બીજો પાયો છે અને તે બારમે ગુણસ્થાને સંભવે.

૪. આત્મા અબધ્ધ અસ્પર્શ છે. આ વાત સ્યાદ્વાદની અપેક્ષાએ છે, અને તે છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. અત્યારે તો બધ્ધ અને સ્પર્શ્ય છે. જો તેમ ન હોય તો કરવાનું શું રહ્યું?

૫. ગ્રહણ અને ત્યાગ રહિતનાં વ્રતો. આ વસ્તુ યથાખ્યાત ચારિત્ર છે. અને તેનું સ્થાન એક જ છે. મોક્ષમાર્ગ એક સ્થાન બને નહિ, કોઈ પણ માર્ગ અથવા સોપાન ( દાદર ) ત્યારેજ કહેવાય કે જ્યારે તેને એક કરતાં વધારે પગથિયાં હોય.

૬. આત્મા અકર્ત્તા છે અને અભોક્તા છે, પણ સિદ્ધ અવસ્થામાં, વર્તમાનકાળે નહિ.

આ ઊંચી કલ્પના કરવામાં દોષ તો ન ગણાત, પણ તે ભાઈઓ નીચલી અવસ્થાનો નિષેધ કરે છે અને તેથી તે એકાન્ત થાય છે. અને એકાન્તને જૈનો મિથ્યાત્વ માને છે. માત્ર માન્યતા મિથ્યાત્વ ન થાય, જો તે માત્ર ચૂક–ભૂલ હોય તો. પણ જ્યારે તે મતાગ્રહનું રૂપ પકડે ત્યારે તે મિથ્યાત્વ જ બને.

જ્યાં બુદ્ધિ ન પહોંચે ત્યાં આરાધક થવાને जं जिणेहिं पवेदितं એવું ધારવું અને માનવું. એવાં ફરમાનની બે મહાન સૂત્રો ભગવતિ અને આચારાંગ સાક્ષી આપે છે. આમ ધારવાથી આરાધક થવાય તેમાં કાંઈક રહસ્ય રહેલ છે, અને તે એ કે અભિમાન છોડી દેવું. પણ પંચમ કાળમાં કષાયની બાહુલ્યતા હોય અને તેમાં પણ મનુષ્યમાં માન વધારે હોય તેથી મતાગ્રહ છુટતો નથી, અને તેના ફળ તરીકે દીર્ઘ સંસારીપણું સ્વીકારવું પડે. જો આમ ન હોય તો જૈનધર્મમાં આટલા ચોરા ન સંભવે.

એક કાર્યને અનેક કારણો હોય છે. છતાં આ ભાઈઓ સિધા અને છેલ્લા કારણને માત્ર કારણ માને છે, બાકીનાનો નિષેધ કરે છે. પણ એ તો પિતાને માન્ય રાખી પિતામહનો નિષેધ કરવા બરાબર છે. ભલે પિતામહને તમે જોયા ન હોય, ઓળખતા ન હોય, અરે કદાચ નામ પણ ન જાણતા હો, છતાં તેના અસ્તિત્વનો નિષેધ ન ઘટે. છતાં ઘટાવો તો વંશવેલીનું અસ્તિત્વ જ ન રહે. તે રીતે મોક્ષમાર્ગના

પર્યાય કારણોને તમે કારણો હોવાની ના પાડો તો, મોક્ષમાર્ગનું અસ્તિત્વ જ નહિ રહે. દાખલા તરીકે—

એક માણસના મૃત્યુનું કારણ તેનો છેલ્લામાં છેલ્લો રોગ ગણવામાં આવે છે. પણ આ લૌકિક દૃષ્ટિ છે. તત્ત્વની દૃષ્ટિમાં તો તેની જિંદગીની પ્રત્યેક ક્ષણ મરણનું કારણ છે, અરે તેનો જન્મ પણ મરણનું કારણ છે. જો જન્મ ન હોય તો મરણ પણ ન હોય.

આ મોક્ષમાર્ગમાં એવી ભૂમિકાઓ ગણી છે કે જે અત્યારને કાળે તદ્દન અસંભવિત છે, અને તેને જ મોક્ષમાર્ગ માનશો તો અત્યારે મોક્ષમાર્ગ પણ અસંભવિત જ ઠરશે.

"આમ માનવાથી મોક્ષ" એ કહેવું બેહુદુ છે, કેમકે માન્યતા સમ્યક્ત્વનું કારણ નથી પણ લક્ષણ છે. લક્ષણ અને લક્ષ્ય વચ્ચે પરસ્પર અવિનાભાવી સંબંધ નથી, પણ અર્ધ સંબંધ છે. એટલે જ્યાં લક્ષ્ય હોય ત્યાં લક્ષણ નિયમા હોય, પણ લક્ષણ સાથે લક્ષ્યનું હોવું ભજના રૂપ છે. છતાં આવું કથન કરવું કે, આમ માનો તો સમ્યક્ત્વ એ એટલુંજ ખોટું છે કે, જેટલું આજથી ચાળીસેક વર્ષ પહેલાં સાધુ સાધ્વિઓ સમ્યક્ત્વ આપીને શ્રાવકોને પોતાના કરતાં હતાં. સમ્યક્ત્વનું કારણ તો દર્શન મોહનું હટવું છે અને તે બુદ્ધિ-પૂર્વક થઈ શક્તું નથી.

અનુયોગદ્વારમાં પ્રમાણ બે જાતનાં કહ્યાં છે (૧) વિભાગ અને (૨) પ્રદેશ. વિભાગ પ્રમાણ વ્યવહારનય છે અને પ્રદેશ પ્રમાણ નિશ્ચયનય છે.

વિભાગ પ્રમાણ માનશે કે, ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થયા વિના સકામ નિર્જરા થાય નહિ. પણ જો આ મત એકાન્ત માનીએ તો, અનંત કાળથી જે સ્થાન ઉપર છે, ત્યાંથી સમ્યક્ત્વ તરફ જે ગતિ કરી તે, સકામ નિર્જરા વિના કેમ સંભવે? અર્થાત્ તે સકામ નિર્જરાજ છે અને તે નિશ્ચયના મત અનુસાર છે વળી બુદ્ધિપૂર્વક છે.

આ ભાઈઓ માને છે કે અધ્યવસાય માત્રથી બંધ, કાયચેષ્ટાથી બંધ નહિ. આ કથનમાં જૈનમાં જે ક્રિયાનું મહત્વ બતાવ્યું છે, તેની અજ્ઞાનતા જણાય છે. કાયિકી આદિ જે ક્રિયાપંચક છે, તે કાર્યના પૂર્ણાપૂર્ણ ભંગો બતાવવા માટે છે. તેમાં પ્રથમની ત્રણ ક્રિયા જઘન્ય એક સાથે અપરિહાર્ય રીતે લાગે છે, ત્યાં કાયચેષ્ટા જુદી કેમ પડે? છતાં અધ્યવસાય વિનાની કાયચેષ્ટા માનવી હોય તો, આ ભાઈઓના મતે તો નથી, પણ શ્વેતામ્બરોના મતે કેવળીની ચેષ્ટા માનવી જોઈએ. પરંતુ ત્યાં પણ ઈર્યાવહીનો બંધ તો ગણવો જ પડે છે. બંધનો તદ્દન નિષેધ તો અન્ય સંપ્રદાયો જ કરી શકે.

પરદ્રવ્યો અપેક્ષા વ્રતોને આશ્રીને તેને ત્યાજ્ય મનાવે છે. અહીં "આશ્રીને" એ શબ્દ આગળ 'ત્યાગ' અથવા 'ગ્રહણ' એમાંથી એક શબ્દ વાક્ય પૂરું કરવા અગત્યનો છે. તેમાં જો ત્યાગ મૂકીએ તો ત્યાગનો ત્યાગ થયો, એટલે બે નિષેધથી એક વિહિત થાય. અને તેથી તેનો પરદ્રવ્યનો ભોગ વિહિત ગણાય. ત્યારે વ્રતો પરદ્રવ્યના ત્યાગ આશ્રીને છે, તે ત્યાજ્ય શી રીતે થઈ શકે?

જે વસ્તુ માત્ર જ્ઞેય હોય તેમાં તો ગમે તેટલો મતભેદ હોય તો પણ અડચણ નથી, કેમકે તે મોક્ષને સાધક કે બાધક નથી. પણ જો હેય અને ઉપાદેયમાં વિરુદ્ધ પ્રરૂપણા થાય તો મોક્ષમાર્ગ ઉથલી જાય.

આ ભાઈઓ વ્રતોને એકાન્ત શુભાશ્રવ માને છે. આ સિદ્ધાંત વિરુદ્ધ છે. પ્રથમ તો આ વ્રતોને સમ્યકત્વ સહિત માનો છો કે સમ્યકત્વ વિનાનાં? જો સમ્યકત્વ સિવાયનાં વ્રતો માનતા હો તો, માત્ર શુભાશ્રવ છે તેમાં અમારે વાંધો નથી. પણ જો સમ્યકત્વ સહિતનાં માનો તો પાંચમું ગુણસ્થાનક સ્વીકારો. કારણકે વ્રતો દેશથી હોય તો ૧૧ પ્રકૃતિ અને સર્વથી હોય તો ૧૫ પ્રકૃતિ હઠવા વિના તો તેમ બની શકે નહિ. હવે જેટલી પ્રકૃતિ હઠી છે તેનો ઉદય નથી અને ઉદય નથી

તેનો બંધ નથી. આ રીતે સંવર છે કે નહિ? અને સંવર છે ત્યાં નિર્જરા નિયમા છે. માટે વ્રતો સંવર નિર્જરાયુક્ત ઠરે છે. આ વ્રતોમાં શુભ બંધ થાય છે તે વ્રતોનો નથી, પણ આ સંયમ સરાગ સંયમ છે, અને તે દસમા ગુણસ્થાનના છેલ્લા સમય સુધી છે, તેમાં જે રાગ છે તેને લીધે બંધ છે. અર્થાત્ વ્રતથી તો સંવર અને નિર્જરા છે અને બંધ તો રાગના ઘરનો છે, વ્રતનો નહિ. વિશેષમાં વ્રત એ ક્રિયાનો અભાવ છે અને અભાવમાં બંધ શી રીતે ઘટે? અર્થાત્ બંધ વ્રતને લઇને નથી.

પરદ્રવ્યનો ત્યાગ એ વ્રત છે, તેનો કર્ત્તા એ પરદ્રવ્યનો કર્ત્તા ઠરે. અને તેથી તેને મિથ્યાત્વ લાગે એમ શંકા કરીએ તો ચૌદમે ગુણસ્થાને જોગનો ત્યાગ છે. તેરમે જોગના વ્યાપારનો ત્યાગ છે. બારમે ત્રણ ઘાતિ કર્મનાં પુદ્‌ગળનો ત્યાગ છે. આ રીતે સર્વત્ર મિથ્યાત્વનો જ પ્રસંગ આવશે માટે એ પણ યુક્તિ સંગત નથી.

જે ભાઇઓ દરવાજા બંધ કરીને બેઠા હોય એમને તો હું કાંઈ કહેતો નથી પણ જે ભાઇઓ તુલના કરવા તૈયાર હોય તેઓ આ બન્ને પક્ષની દલીલોને તોળી જુએ અને યોગ્ય લાગે તે અંગીકાર કરે.

તુલના કરતી વખતે એક સિદ્ધાંત ખાસ ધ્યાનમાં રાખવાનો છે કે—સો ગુન્હેગાર છૂટી જાય પણ એક બીન ગુન્હેગાર માર્યો ન જાય તે ખાતર, ન્યાયખાતું શકનો લાભ આરોપીને આપવા ફરમાવે છે. તેજ રીતે,

સો કરને પાત્ર વ્યક્તિઓ ચાલી જાય તેની ફીકર નહિ, પણ કર ને પાત્ર નહિ એવી એક પણ વ્યક્તિ દંડાવી ન જોઇએ. તેજ રીતે,

સો આશ્રવના દરવાજા ખોટી રીતે બંધ થાય તેની ફીકર નહિ, પણ એક પણ આશ્રવનો દરવાજો ખોટી રીતે ખુલી ન જવો જોઇએ. કેમકે આ રીતે દરવાજો ખુલ્લી જવાથી દુર્લભબોધિપણું

થાય છે. એ અતિ ભયંકર છે જ્યારે બીજી બાજુ તદ્દન સલામત છે.

આ રીતે મંતવ્યના ગ્રન્થો લખવા કે લાંબે હાથે ઉપદેશનો પ્રવાહ વહાવવો એનાં કરતાં મૌન્ય સાધી નિજ આત્માનું કલ્યાણ સાધવાનો માર્ગ અતિ સલામત અને સુખભર્યો છે. જ્યારે ઉપદેશ આપવાનો માર્ગ સુગમતા કરતાં ઊત્સૂત્રરૂપી તીરથી ભરેલો છે, અને મતાગ્રહના ફાંસાવાળો છે.

આ લેખ **મારાં ભાંડુઓના** વાંચનાર્થે અને રક્ષણાત્મક શૈલીથી લખાયેલો હોવાથી તેઓને સદ્બુદ્ધિ અને સન્માર્ગની પ્રાપ્તિ થાવ એ ભાવના સાથે વિરમું છું. ઇતિ.

દામનગર
તા. ૧૧–૩–૪૩ } દામોદર જગજીવન

———:o:———

## પ્રકાશનનું પ્રયોજન

**જૈનધર્મ** એ સ્યાદ્વાદ–અનેકાંત ધર્મ છે. તત્ત્વમાત્રનું અનેક નયોની અપેક્ષાએ નિરૂપણ કથન અને શ્રદ્ધાન કરવામાં વિવેક દૃષ્ટિ રાખવી એ સ્યાદ્વાદ અને એ જ જૈન ધર્મનો પ્રાણ–મૂલ સિદ્ધાંત છે.

આ વક્ર–જડ યુગમાં લોકૈષણા અને પૂજવાની મહત્વાકાંક્ષાનાં મોહમાં કેટલાક તર્કવાદીઓ એકાંતવાદને અવલંબી જનતાને આકર્ષવા તેમને રૂચતું કથન કરી નવા નવા પંથ ઉભા કરે છે.

અત્યારે શ્રીમંતો, પાશ્ચિમાત્ય પદ્ધતિએ કેળવાયેલાઓ અને સુખશીલીઆ કેટલાક યુવાનોને ભાવના અને વિચારસૃષ્ટિમાં વિચરવું બહુ ગમે છે. ક્રિયાકાંડ કે જેમાં ઇંદ્રિયજય, દેહદમન, વિષય કષાયની ઉપશાંતિ થતી હોય એવા વ્રત પ્રત્યાખ્યાનો ગમતા નથી, એ બંધનો સમજાય છે. એમને તો વગર પરિશ્રમે માત્ર વાતો અને વિચારોથી સર્વ-સિદ્ધિઓ જોઇએ છીએ, અને મુમુક્ષુમાં ખપવું છે. આવો એક

પંથ સોનગઢમાં સ્થપાયો છે અને એનો પ્રચાર શરૂ થયો છે. અમારા ભાઇઓ, મુમુક્ષુઓ આ વાક્જાલ-શબ્દાડંબર, ગાજા વાજા પધરામણી અને શ્રીમંત ભક્ત ટોળાના સમવડીઆ પંથથી ભ્રાન્ત ન થાય એટલા જ માટે જૈન ધર્મનો મર્મ જાણનારા આચાર્યોની કૃતિ વિચારક વાંચકો સમક્ષ ધરવાનો આ સમિતિનો પ્રયાસ છે.

પં. મુનિશ્રી હર્ષચંદ્રજી મહારાજે કરેલ 'સમયસાર'નું સંક્ષિપ્ત નિરૂપણ પ્રકટ કર્યા બાદ આ 'વ્યવહાર-નિશ્ચય-વિચાર' નામની બીજી પુસ્તિકા સમર્થ વિદ્વાન્ ઉપાધ્યાય શ્રી મેઘવિજયજીએ વર્ષો પહેલાં લખેલ 'યુક્તિ પ્રબોધ'ના આધારે પ્રકટ કરીએ છીએ.

સાચા સમ્યક્ત્વી બનવા માટે વ્યવહાર અને નિશ્ચય, જ્ઞાન અને ક્રિયાનું યથાતથ્ય સ્વરૂપ સમજવાની જરૂર છે. આગમોના સમર્થ વિદ્વાન શેઠ દામોદરદાસભાઇ જગજીવનદાસભાઇએ આ પુસ્તિકાનો 'આમુખ' લખી આની ઉપયોગિતા સિદ્ધ કરી બતાવી છે. હઠાગ્રહ છોડી મુમુક્ષુઓ જૈન ધર્મનું સાચું સ્યાદ્વાદ સ્વરૂપ સમજે એ જ ભાવના.

જુનાગઢ
તા. ૧-૫-૧૯૪૩

જેઠાલાલ પ્રાગજી વકીલ
માનદ્ મંત્રી
શ્રી. કાઠી. સ્થા. જૈન સંઘ સમિતિ

# ઉપોદ્ઘાત

ભારતવર્ષના દર્શન મુખ્યરૂપે બે ભાગમાં વિભક્ત છે—(૧) વાસ્તવવાદી અને (૨) અવાસ્તવવાદી. વાસ્તવવાદી વ્યવહારિક અને પારમાર્થિક બન્ને જગતને પ્રમાણસિદ્ધ અને સત્ય માને છે. જૈન-દર્શન સ્વભાવથી અનેકાન્તવાદી હોવા છતાં એકાન્તતઃ વાસ્તવવાદી છે.

ભગવાન મહાવીરથી લઈને આજપર્યંત જૈનદર્શનનું સ્વરૂપ વાસ્તવવાદિત્વની અપેક્ષાએ અપરિવર્તનશીલ રહ્યું છે. યદ્યપિ જૈન-દર્શનના સાહિત્યમાં પ્રમાણ, પ્રમેય આદિ પદાર્થોના લક્ષણોની સ્પષ્ટતા તથા સૂક્ષ્મતા સમયે સમયે થઈ છે. તો પણ ઐતિહાસિક દૃષ્ટિએ જૈનદર્શનના સ્વરૂપમાં લેશ માત્ર પણ પરિવર્તન થયું નથી.

જૈનદર્શનની સ્યાદ્વાદમયતા એ તે દર્શનની લાક્ષણિક વિશેષતા છે. એટલું સ્પષ્ટ હોવા છતાં કેટલાક જૈનધર્માનુયાયીઓ જૈનદર્શનને એક દૃષ્ટિકોણથી રજુ કરવાનો યત્ન કરે છે. જ્યાં એકાન્ત દૃષ્ટિ છે, ત્યાં એક વસ્તુ માટે વધારે પડતો આગ્રહ જોવામાં આવે છે. અને જ્યાં કોઈ પણ વસ્તુ માટે અતિ આગ્રહ થતો હોય ત્યાં અવશ્ય મિથ્યાત્વ છે એ નિર્વિવાદ છે.

બધા દર્શનકારો ચરમ અને પરમ તત્ત્વની પ્રાપ્તિ અર્થે પોતાના દર્શન–મતને જ પ્રમાણભૂત અને સાધન તરીકે માને છે, અને પોતાના મતની સત્યતા સિદ્ધ કરવાને અનેક દલીલો રજુ કરે છે, પણ જેણે બધાય દર્શનોનો તાત્વિક દૃષ્ટિએ ચીવટપૂર્વક અભ્યાસ કર્યો હોય તે નિઃસંકોચપણે એમ કહી શકે છે કે, લગભગ બધાય દર્શનો એકાન્ત દૃષ્ટિથી તત્ત્વોનો નિર્ણય કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ જૈનદર્શન જ એક એવું દર્શન છે કે જે એક પદાર્થનો અનેક દૃષ્ટિકોણથી વિચાર અને નિર્ણય કરે છે. કેમકે જ્યાંસુધી એક વસ્તુનો ભિન્નભિન્ન દૃષ્ટિએ વિચાર કરવામાં ન આવે ત્યાંસુધી તેનો યથાર્થ નિર્ણય અશક્ય છે.

જૈનધર્મમાં મુખ્ય બે સંપ્રદાય છે. (૧) શ્વેતામ્બર અને (૨) દિગમ્બર. શ્વેતામ્બર પ્રાચીન છે, અને દિગમ્બર અર્વાચીન છે. વીર સંવત્ ૬૦૯માં શ્વેતામ્બરોમાંથી દિગમ્બરોની ઉત્પત્તિ થઈ.

छव्वाससएहिं नवोत्तरेहिं सिद्धिं गयस्स वीरस्स।
तो बोडियाण दिट्ठी रहवीरपुरे समुप्पणा॥

**અર્થ:**—ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૬૦૯ વર્ષ વીત્યા બાદ રથવીરપુરમાં બોટિક-દિગમ્બરોની ઉત્પત્તિ થઈ. એ બાબત શ્રીઆવશ્યક-નિર્યુક્તિ, ઉત્તરાધ્યયન-બૃહદ્વૃત્તિ તથા સ્થાનાંગવૃત્તિ વિગેરે મહાન સૂત્રગ્રંથોના પાઠોથી નિશ્ચિત છે.

દિગમ્બર આચાર્યોએ શ્વેતામ્બર શાસ્ત્રોના આધારે નવીન શાસ્ત્રો રચ્યાં. તેઓ દ્વાદશાંગીના જ્ઞાનનો વિચ્છેદ થઈ ગયો છે એમ માને છે. તેમના શાસ્ત્રો બે ભાગમાં વિભાજીત છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ષટ્ખંડાગમ, ધવલ, મહાધવલ, જયધવલ, ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર આદિ ગ્રન્થોનો સમાવેશ થાય છે. આ ગ્રન્થોમાં પર્યાયાર્થિકનય-વ્યવહારને પ્રધાન કરીને ગુણસ્થાન, માર્ગણા, અને જીવની સંસાર-પર્યાયનું કથન છે. બીજા શ્રુતસ્કંધમાં મુખ્યપણે શ્રી કુન્દકુન્દાચાર્યના પંચાસ્તિકાય, સમયસાર, પ્રવચનસાર આદિ ગ્રન્થોનો સમાવેશ થાય છે.

શ્રી કુન્દકુન્દાચાર્ય નિ:સંદેહ એક ઉચ્ચકોટિના વિદ્વાન્ હતા. તેમના રચેલા ગ્રંથોમાં વ્યવહાર અને નિશ્ચય બન્ને નયોનું નિરૂપણ છે. મૂલાચાર, નિયમસાર, આદિ ગ્રન્થોમાં સામાયિક, પ્રતિક્રમણ, વ્રત-પાલન, આદિનો સ્થળે સ્થળે ઉલ્લેખ જોવામાં આવે છે. એટલે કે તે ગ્રન્થોમાં મુખ્યપણે વ્યવહારનું જ પ્રતિપાદન છે. વળી તેમણે રચેલા બીજા કેટલાક ગ્રન્થોમાં નિશ્ચયનયને પ્રધાન કરીને પણ તેની પ્રાપ્તિ અર્થે તો વ્યવહારની ઉપયોગિતા દર્શાવી છે.

વર્તમાનકાલે 'સમયસાર'નું અવલંબન લઈ તથા તે ગ્રન્થની સ્થાપના, પૂજા, આદિ વડે બહુમાન કરી કાઠિયાવાડમાં એક નવીન પંથની સ્થાપના અર્થે વિવિધ પ્રકારની રચના થઈ રહેલ છે. તે

પંથમાં વ્રતપ્રત્યાખ્યાન તપ આદિનો નિષેધ કરી નિશ્ચય માટે અતિ આગ્રહ રાખવામાં આવે છે. છતાં શ્રી સીમંધરસ્વામીની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવીને વ્યવહારનો આશ્રય તો લે જ છે! જે વ્યક્તિને પોતાની દૃષ્ટિએ સામાયિક, પ્રતિક્રમણ, વ્રતપ્રત્યાખ્યાન આદિની આવશ્યકતા નથી જણાતી, તેને આવી ઉપાસના શા માટે સ્વીકાર્ય છે તે સમજી શકાતું નથી.

તેમણે જે માર્ગ લીધો છે તે કદાચ તેમના પોતાના માટે હિતકર્તા હશે. પરંતુ સમષ્ટિને માટે તે કોઈ પણ રીતે હિતકારી હોઈ શકે નહિ.

શ્રી કુન્દકુન્દ જેવા પૂજ્ય આચાર્યના 'સમયસાર' નામના એક જ ગ્રન્થના મંતવ્યોને આધારે પોતાનો એક નવો પંથ પ્રવર્તાવવો અને વ્યવહારનું પ્રતિપાદન કરનારા તે જ આચાર્યના અન્ય ગ્રન્થો અને તેમના મંતવ્યોને ગૌણ કરીને માત્ર સમયસાર ગ્રન્થના મંતવ્યોને જ પ્રધાન કરીને જન-સાધારણની આગળ રજુ કરવા એ ખચીત જ એ મહાન્ ઉપકારી આચાર્યને અન્યાયકર્તા છે.

જ્યારે શુદ્ધ સ્વદર્શન ઉપર આક્રમણ થતાં હોય અને શુષ્ક અધ્યાત્મવાદને ઉપાદેય માની નિશ્ચયવાદીઓ પોતાના બાહ્ય આડંબરથી જનતાને અવળે રસ્તે દોરતા હોય, તે વખતે પોતાનાં દર્શનનું રક્ષણ કરવાની તેમજ તેમનો પ્રતિકાર કરી જનતાને સાચો માર્ગ બતાવવાની દરેક જવાબદાર વ્યક્તિની ફરજ છે. પ્રાચીન સમર્થ આચાર્યોએ પણ ધર્મના રક્ષણ અર્થે અવિશ્રાન્ત શ્રમ વેઠીને મહાન ગ્રન્થોની રચના કરી છે. આવા ઉત્તમ અનેક ગ્રન્થો આજે પણ વિદ્યમાન છે અને વર્તમાનકાલમાં જનતાને પ્રેરણારૂપ છે. તેમાં શ્રીમન્ મેઘવિજયજી ગણી કૃત "યુક્તિ પ્રબોધ નાટક" નામનો એક ગ્રન્થ પણ છે. આ ઉપયોગી ગ્રન્થ સાદ્યંત વાંચવા તથા મનન કરવા અધ્યાત્મવાદી બંધુઓને ખાસ ભલામણ છે.

શ્રી મેઘવિજયજી ગણીનો સત્તાકાલ સોલમા સૈકાના ઉતરાર્ધ અને સતરમા સૈકાના પ્રારંભમાં હતો. તેમના રચેલા ગ્રન્થોથી સ્પષ્ટ થાય છે કે તેઓ પં. બનારસીદાસના સમકાલીન હતા. તેઓએ જગદ્-

ગુરુશ્રી હીરવિજયજી મહારાજની પરંપરામાં દીક્ષા લીધી હતી.

તેઓ એક ધુરંધર વિદ્વાન હતા. તેમના રચેલા ગ્રન્થો યુક્તિપ્રબોધ, હેમકૌમુદી (અપરનામ ચાન્દ્રવ્યાકરણ) વર્ષપ્રબોધ, સપ્તસંધાન, દેવાનંદ મહાકાવ્ય આદિ ગ્રન્થો તેમની અદ્ભૂત પ્રતિભા અને અગાધ જ્ઞાનની સાક્ષી આપે છે.

પં. બનારસીદાસના દ્રવ્ય અધ્યાત્મવાદની ચર્ચા એ 'યુક્તિપ્રબોધ'નો મુખ્ય વિષય છે. સાથે પ્રાચીન દિગમ્બરોના સ્ત્રીમુક્તિ, કેવલીકવળાહાર અવસ્ત્રસિદ્ધિ આદિ મંતવ્યોનું વિવેચન પણ કરવામાં આવ્યું છે. દિગમ્બરોના ૮૪ જલ્પોનું સમાધાન પણ બહુ સુંદર રીતે અને તાર્કિક દલીલોથી કર્યું છે.

શ્રીમાન મેઘવિજય જેવા પ્રાચીન સમર્થ આચાર્ય દ્વારા પોતાના 'યુક્તિપ્રબોધ' નામના ગ્રન્થમાં રજુ કરેલા દ્રવ્ય અધ્યાત્મવાદ વિષેના વિચારો તે કાલમાં જ ઉપયોગી ન હતા, પણ વર્તમાનકાળમાં પણ તે વિચારો જનતા માટે અતિ ઉપયોગી અને જનતાને સત્ય માર્ગ તરફ દોરે તેવા છે. અને તેથી પ્રસ્તુત મૂળ સંસ્કૃત ગ્રન્થમાંથી "વ્યવહાર અને નિશ્ચય" વિષેના ઉપયોગી ભાગનો ભાવાનુવાદ શ્રી કાડી. સ્થાનકવાસી જૈન સંઘ સમિતિની સૂચના અનુસાર તૈયાર કરવામાં આવતાં જનહિતાર્થે તથા તત્વનિર્ણય અર્થે જનતાની આગળ મૂકવામાં આવે છે. મૂળ ગ્રન્થકારના ભાવોને ભાષામાં ઉતારવાનો મેં મારી શક્તિ અનુસાર પ્રયાસ કર્યો છે. પરન્તુ મૂળ ગ્રન્થની ભાષા અતિ જટીલ હોવાથી કોઈ સ્થળે સ્ખલના થવાનો સંભવ છે. તે માટે હું ક્ષમ્ય છું.

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र समादधति सज्जनाः ॥

રાજકોટ
તા. ૭-૪-૧૯૪૩

મદનલાલ ચૌધરી

# વ્યવહાર-નિશ્ચય-વિચાર

## વ્યવહાર નિશ્ચય સમકક્ષ

જૈન શાસ્ત્રોમાં વ્યવહાર અને નિશ્ચય બન્ને નય ઉપર સરખો ભાર મૂકવામાં આવ્યો છે. ભગવાન મહાવીર બન્ને નયને સમકક્ષ-તુલ્ય કોટિના કહે છે. દિગંબરને માન્ય સમયસારની વૃત્તિમાં શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે કે:—

**जइ जिणमयं पव्वजह ता मा ववहारणिच्छए मुयह ।**
**एगेण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं ॥**

હે ભવ્ય જીવો ! જો તમે જિન મતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયોને ન છોડો; કારણ કે વ્યવહાર નય વિના તીર્થ ( સાધુ-શ્રાવકવૃત્તિ ) વ્યવહાર માર્ગનો નાશ થઈ જશે. અને નિશ્ચયનય વિના તત્ત્વનો નાશ થઈ જશે.

તેજ રીતે શ્વેતામ્બરોના માન્ય ગ્રન્થ 'પંચવસ્તુક'માં પણ કહ્યું છે કે:—

**जइ जिणमयं पव्वजह ता मा व्यवहारणिच्छए मुयह**
**ववहारउच्छेए तित्थुच्छेयो हवइऽवस्सं ॥**

અર્થ:—જો જિનમતને માનતા હો તો વ્યવહાર અને નિશ્ચય બન્નેમાંથી કોઇ પણ નયને ન છોડો; કેમકે વ્યવહાર નયને છોડવાથી તીર્થનો નાશ થાય છે.

તીર્થનો ઉચ્છેદ થવાથી કોઈ પણ વ્યક્તિ નિશ્ચય સુધી પહોંચી શકશે નહિ. જો અભૂતાર્થ-અસત્ય હોવાથી વ્યવહાર નયને છોડવા યોગ્ય માની લઇએ તો પછી જીવ અજીવ આદિ તત્વોનો વિવેક

કેવી રીતે થશે? જીવ અજીવ આદિ તત્વોના જ્ઞાનમાં ઉપાયભૂત પ્રમાણ, નય અને નિક્ષેપ આદિ પણ અવાસ્તવિક ઠરશે, અને જ્યારે પ્રમાણ નય અને નિક્ષેપ નહિ રહે ત્યારે મોક્ષ તો ક્યાંથી સંભવે ?

સમયસારના કર્તા શ્રીકુંદકુંદાચાર્યે ભગવાન અરિહન્તના શરીરનું જે વર્ણન કર્યું છે તે નિશ્ચય નયની અપેક્ષાએ અરિહન્તનું વર્ણન નથી, કારણ આત્મા અને શરીરમાં ભિન્નતા છે. નિશ્ચય નયને અનુસરીને જ પુદ્ગળોથી આત્માની પૃથક્તા બતાવવામાં આવે છે. પણ સ્યાદ્વાદની દૃષ્ટિએ આ ઠીક નથી. જો આત્મા અને શરીરમાં એકાંતભેદ માનવામાં આવે તો પુદ્ગળ–પરિણામ અને આત્મ–પરિણામમાં કાર્ય કારણ સંબંધ ઘટવો અશક્ય થઈ જશે. જેમ યજ્ઞદત્તના કાર્મણ–પરિણામ દેવદત્તના આત્મ–પરિણામમાં કારણ નથી, તેમ પોતાના કાર્મણ–પરિણામ અને આત્મ–પરિણામમાં પણ કાર્યકારણ સંબંધ ન હોવો જોઇએ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે કાર્મણ–પરિણામ અને આત્મ–પરિણામમાં કાર્ય કારણ સંબંધ હોઈ આત્મા અને શરીરમાં કથંચિત્ ભિન્નાભિન્નતા છે.

દેહ અને આત્માની કથંચિત એકતા હોવા છતાં પણ સ્યાદ્વાદની શૈલીએ વિચાર કરતાં આત્મા શરીરથી જુદો પણ ઉપલબ્ધ થાય છે. ત્યાં કહ્યું છે કેઃ—

**उभयनयविरोधध्वंसिनि स्यात् पदाङ्के**
**जिनवचसि रमन्ते स्वयं ये वान्तमोहाः।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चैरनव-**
**मनयपक्षाः क्षुण्णमीक्षन्त एव॥**

**અર્થઃ**—નિશ્ચય અને વ્યવહાર એ બે નયોના વિરોધનો નાશ કરનાર જિન ભગવાનના વચનમાં જે પુરુષો રમે છે તે પુરુષો મોહરહિત થઈ શીઘ્રહી પરમજ્યોતિરૂપ પ્રકાશમાન ઉત્કૃષ્ટ

સમયસાર (આત્મા)ને દેખે છે, તે આત્મા નવીન નથી તથા કુનયના પક્ષથી બોધિત પણ નથી.

વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નય પરસ્પર સાપેક્ષ હોઈ પદાર્થના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી શકે છે. વ્યવહાર નયને છોડીને કેવલ નિશ્ચયનય પદાર્થનું યથાર્થ જ્ઞાન કરવામાં અસમર્થ છે. વ્યવહારનય પર્યાયાશ્રિત છે અને નિશ્ચયનય દ્રવ્યાશ્રિત છે. દ્રવ્ય અને પર્યાય એ જ પદાર્થનું સ્વરૂપ છે. શ્રી હેમચંદ્રાચાર્ય પણ કહે છે કે:—

**अपर्ययं वस्तु समस्यमानमद्रव्यमेतच्च विविच्यमानम् ।**
**आदेशभेदोदितसप्तभङ्गमदिदृशस्त्वं बुधरूपवेद्यम् ॥**

અર્થ:—સામાન્ય રીતે કથન કરતાં પદાર્થ પર્યાયરહિત અને વિશેષ રીતે કથન કરતાં દ્રવ્યરહિત પ્રતીત થાય છે, અપેક્ષાભેદથી સપ્તભંગ સિદ્ધ થાય છે. પદાર્થનું આવું જ્ઞાન જ્ઞાનીઓ જ કરી શકે છે.

સમયસારના વૃત્તિકાર શ્રી અમૃતચંદ્રાચાર્ય સ્વયં આગળ જતાં કહે છે: "વ્યવહાર નય પર્યાયાશ્રિત છે. તે પુદ્ગળનાસંયોગથી અનાદિકાળથી પ્રસિદ્ધ બંધ પર્યાયના ઉપાધિજન્ય ભાવને અવલંબીને પરના પરભાવનું વિધાન કરે છે. આ ઉપરથી વ્યવહાર નયની અપેક્ષાએ જીવના વર્ણ, સ્પર્શ, સંસ્થાન આદિ પર્યાયો છે અને નિશ્ચય નય દ્રવ્યાશ્રિત હોઈ જીવના કેવળ સ્વાભાવિક ભાવને અનુસરી પરના પર ભાવનો નિષેધ કરે છે." આ ઉપરથી વ્યવહાર અને નિશ્ચયના કાર્યક્ષેત્રનો નિર્ણય થાય છે. આથી કહી શકાય છે કે, વ્યવહાર અને નિશ્ચય વસ્તુના એક એક અંશને ગ્રહણ કરે છે, પણ જ્યારે બન્ને નય ભેગા થાય છે ત્યારે પદાર્થના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થઈ શકે છે. કહ્યું છે કે:—

**एकमप्युदयते तदनेकं नैकमेकमिति वस्तुविमर्शः ।**
**द्रव्यपर्यायनयद्वयवेद्यः सिद्धसाध्यविधिनैव निवेद्यः ॥**

અર્થ:—એક અનેક રૂપમાં અને અનેક એક રૂપમાં ઉદય પામે છે. આજ પ્રમાણે પદાર્થનો વિમર્શ સંભવ છે. પદાર્થનું યથાર્થ જ્ઞાન

દ્રવ્ય અને પર્યાય એ બે નયથી જાણી શકાય છે. પદાર્થનું સ્વરૂપ સિદ્ધસાધ્યની વિધિથી જ કરવા લાયક છે.

એકલો નિશ્ચયનય પ્રમાણ નથી, કારણ કે અર્થક્રિયા–કારિત્વ એ જ પદાર્થનું લક્ષણ છે. આ લક્ષણ કેવલ દ્રવ્યમાં ઘટતું નથી, પણ કર્તાના સંયોગથી અખંડિત શક્તિવાળા પદાર્થમાં ઘટે છે. કર્તાનો સંયોગ એ જ પર્યાય છે. આથી એટલું સ્પષ્ટ થાય છે કે પદાર્થનું અર્થ–ક્રિયા–કારિત્વ લક્ષણ મુખ્ય રૂપથી વ્યવહારનો જ વિષય છે. નિશ્ચય ગોચર કેવલ માટીથી જ ઘડો ઊત્પન્ન થઈ શકતો નથી. તેમાં કુંભાર, ચક્ર, દંડ વિગેરે નિમિત્તોની પણ જરૂર રહે છે. જો કેવળ માટીથી જ ઘડો ઊત્પન્ન થતો હોય તો, દરેક ક્ષણે ઘડાની ઉત્પત્તિ થવી જોઇએ; કારણ કે માટી દરેક ક્ષણે વિદ્યમાન છે. કહેવાનો સાર એ છે કે કાર્યની સિદ્ધિ માટે જેટલી નિશ્ચયની જરૂર છે તેટલી જ જરૂર વ્યવહારની પણ છે. નિમિત્ત (કુંભાર આદિ)ના સંયોગથી જ કાર્યની સિદ્ધિ થાય છે એમ સર્વ સામાન્ય લોકો અનુભવે છે. આથી વ્યવહાર માર્ગ સ્વતઃસિદ્ધ થાય છે.

આત્માનું જ્ઞાતાપણું પણ જ્ઞેય (પદાર્થ)ના સન્નિધાનથી પ્રાપ્ત થાય છે. જ્ઞેયનો જ્ઞાનની સાથે સન્નિધાન થવું એ જ વ્યવહાર છે. જો આત્માને કેવળજ્ઞાનનો જ્ઞાતા માનવામાં આવશે તો પુરુષાદ્વૈતવાદ અથવા જ્ઞાનાદ્વૈતવાદ માનવાનો પ્રસંગ આવશે, જે અધ્યાત્મવાદીઓને ઇષ્ટ નથી. નિશ્ચયગોચર એકલો પદાર્થ કાંઈ પણ ક્રિયા કરી શકતો નથી. આ ઉપરથી સમજી શકાય છે કે નિશ્ચયનયનો એકાન્ત આગ્રહ રાખવાથી પદાર્થના સ્વરૂપનો નાશ થઈ જશે. જે લોકો એકાન્ત નિશ્ચયનયને પકડી રાખે છે તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહેવું તે અયોગ્ય નથી.

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम् ।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति ॥

**અર્થ:**—"નિત્ય, વિકાર રહિત, સર્વાંગે સંપૂર્ણ, અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્યયુક્ત જીનેન્દ્ર ભગવાનનું રૂપ શાંત સાગરની પેરે સર્વોત્કૃષ્ટ વર્તે છે." પ્રસ્તુત શ્લોકમાં સ્તુતિકારે વ્યવહાર સ્તુતિ કરેલી છે, તેનાથી પણ ભગવાન અરિહંતની સ્તુતિ સ્વયંસિદ્ધ છે. કારણ કે વ્યવહાર અને નિશ્ચય બન્ને નયો જ્ઞાનમાં કારણ છે.

વળી વ્યવહાર વિના માત્ર નિશ્ચયથી પ્રવૃત્તિ માનશો તો:—

**जो इंदिए जिणित्ता णाणसहावाहियं मुणइ आयं ।**
**तं खलु जियिंदियं ते भणंति जे निच्छया साहू ॥**

**અર્થ:**—"જે પુરુષ ઇન્દ્રિયોનો નિગ્રહ કરીને જ્ઞાન સ્વભાવ રૂપ આત્માને જાણે છે, તે પુરુષને જે સાધુઓ નિશ્ચયથી ભાવ સાધુ છે, તેઓ જીતેન્દ્રિય કહે છે" આ સ્તુતિ પણ નિશ્ચયની અપેક્ષાએ ન હોવી જોઇએ. કારણ કે નિશ્ચય નયના અભિપ્રાયથી ઇન્દ્રિય જય વ્યવહાર ચારિત્રનો અંગ છે તેથી તે આત્માને સ્પર્શી શકતો નથી એજ પ્રમાણે:—

**जियमोहस्स हु जइया खोणो मोहो हविज्ज साहुस्स ।**
**तइया हु खोणमोहो भणणइ सो निच्छयविदूहिं ॥**

**અર્થ:**—મોહને જીતવા પ્રયાસ કરનાર સાધુનો મોહ જ્યારે નાશ પામે છે ત્યારે નિશ્ચયને અનુસરણ કરનારા તેને "ક્ષીણ મોહ" કહે છે. અહીં પણ મોહના ક્ષય માટે વ્યવહારની જરૂર છે. પણ નિશ્ચયની માન્યતાથી મોહનો નાશ થતો નથી. મોહના નાશ પહેલાં નિશ્ચયની ઉત્પત્તિ માનવી તે કારણ પહેલાં કાર્યની ઉત્પત્તિ અથવા પિતા પહેલાં પુત્રની ઉત્પત્તિ માનવા બરાબર છે.

સમયસારમાં પોતેજ આગળ જતાં કહે છે કે:—

**नेवय जीवट्ठाणा न गुणट्ठाणा य अत्थि जीवस्स ।**
**जेण उ एए सव्वे पुग्गलदव्वस्स परिणामा ॥**

**અર્થ:**—ખરી રીતે જોતાં જીવના જીવનસ્થાન કે ગુણસ્થાન

નથી. પરંતુ આ બધા પુદ્ગળ દ્રવ્યના પરિણામ છે. આથી ૧. સ્યાદ્ નિશ્ચયગોચરતા, ૨. સ્યાદ્ વ્યવહારગોચરતા, ૩. સ્યાદ્ ઉભય-ગોચરતા, ૪. સ્યાદ્ અવ્યક્તવ્ય, ૫. સ્યાદ્ નિશ્ચયગોચરતા અવ્ય-ક્તવ્ય, ૬. સ્યાદ્ વ્યવહારગોચરતા અવ્યક્તવ્ય, ૭. સ્યાદ્ ઉભય ગોચરતા અવ્યક્તવ્ય. આ સપ્તભંગી સહેજ નિષ્પન્ન થાય છે. જો વ્યવહારનો સર્વથા નિષેધ કરવામાં આવશે તો નિશ્ચયદષ્ટિએ બંધ થયેલો નથી. જેનો બંધ નથી તેનો મોક્ષ પણ નથી. "**यो बद्धः स एव मुच्यते**" આ ન્યાયે મોક્ષ બંધપૂર્વક થાય છે એ નિર્વિવાદ છે. વ્યવહાર ન માનવાથી બંધ અને મોક્ષમાં અસમંજ-સતા ઉત્પન્ન થશે. આથી વ્યવહારનો નિષેધ કરવો એ અનુચિત છે અને સાથે નિશ્ચય માટે અત્યંત આગ્રહ રાખવો એ પણ ઠીક નથી. ડાહ્યા માણસો પક્ષપાત છોડીને વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયને સમકક્ષ-તુલ્યકોટિના માને છે.

સમયસારની વૃત્તિના બીજા અંકમાં શ્રી અમૃતચંદ્ર આચાર્ય પણ કહે છે કેઃ—

**एकस्य बद्धो न तथा परस्य,**
**चितिर्द्वयोर्द्वाविति पक्षपातौ।**
**यस्तत्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति,**
**नित्यं खलु किञ्चिदेव॥**

**અર્થઃ**—જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે, અને જીવ કર્મથી અલિપ્ત છે એવો બીજા નયનો પક્ષ છે. ચૈતન્યરૂપ આત્મા વિષે આ બે પક્ષપાત છે. જે તત્વવેદી પક્ષપાતનો ત્યાગ કરે છે તેને નિત્ય સત્યવસ્તુ સન્મુખ છે.

એજ પ્રમાણે 'બદ્ધ' પદસ્થાનમાં આવેલા મૂઢ, રક્ત, દ્વિષ્ટ, કર્તા, ભોક્તા, જીવ, સૂક્ષ્મ, હેતુ, કાર્ય, ભાવ, એક, નિત્ય, શાન્ત, વાચ્ય, નાના, ચેત્ય, દશ્ય, વેદ્ય, ભાત ઇત્યાદિ કાવ્ય પાઠમાં જે

વીસ શબ્દ આપેલા છે તે પણ વ્યવહાર અને નિશ્ચયને તુલ્યકોટિના-સમકક્ષના સિદ્ધ કરે છે.

**શંકા**—અમે વ્યવહારનો નિષેધ નથી કરતા, પરન્તુ જેમને આત્માનું જ્ઞાન નથી તે લોકોના તપવ્રત સર્વે અજ્ઞાનરૂપ છે. તેથી એવા તપવ્રતનો નિષેધ કરીએ છીએ. વળી દ્રવ્ય પ્રતિક્રમણ આદિથી શુદ્ધોપયોગરૂપ તાત્વિક પદાર્થની પ્રાપ્તિ નથી થતી. દ્રવ્ય પ્રતિક્રમણ વિગેરે પોતાનું કાર્ય કરવા અસમર્થ હોઈ વિપક્ષનું જ કાર્ય કરે છે. તેથી વિષના ઘડાની જેમ દ્રવ્ય પ્રતિક્રમણ વિગેરે પણ ત્યાજ્ય-છોડવા લાયક છે.

**સમાધાન**—તો પછી શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કરવાના ક્યા સાધન છે? પ્રતિદિન જીનશાસનમાં અખંડ શ્રદ્ધા રાખીને દ્રવ્ય પ્રતિક્રમણ અને તપ, વ્રત આદિનું પાલન કરતાં કરતાં શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ સંભવે છે. સમયસારની વૃત્તિમાં પણ કહ્યું છે, "શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ માટેજ પ્રતિક્રમણ આદિનું વિધાન છે. હે પ્રાણિ! તું એમ ન માન કે પ્રતિક્રમણ વિગેરેનો ખરેખર ત્યાગ કરાવે છે, પરંતુ પ્રતિક્રમણ આદિ કરવાનો આદેશ આપે છે. સાથે પ્રતિક્રમણ આદિને અગોચર આવા આત્માના શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાને અત્યંત દુષ્કર કંઈક કરાવે છે." આ સંબંધમાં વિશેષ કહ્યું પણ છે કે:—

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं ।**
**तत्तो नियत्तए अप्पयं तु जो सो पडिक्कमणं ॥**

**અર્થ:**—પૂર્વે કરેલા અનેક શુભાશુભ કર્મથી આત્માને જે પાછું વાળે તે પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ કરવાથી પ્રમાદ નાશ પામે છે, સુખશીલપણું દૂર થાય છે, ચંચળતાનું નિવારણ થાય છે, પોતાના આત્મામાં જ આલંબન પ્રાપ્ત થાય છે અને છેવટે તે સંપૂર્ણ વિજ્ઞાન ધનની પ્રાપ્તિ કરાવે છે. આ ઉપરથી એવો ફલિત

અર્થ નીકળે છે કે વ્યવહાર નિશ્ચયનો સાધક છે. તેથી વ્યવહારની પણ મોક્ષમાર્ગમાં એટલીજ આવશ્યકતા છે જેટલી નિશ્ચયની. વ્યવહારમય દોષોનો નાશ કરવા સમર્થ છે.

સમયસારમાં "જે દ્રવ્યરૂપ દંડક ઉચ્ચારણ આદિ છે તે સર્વ દોષરૂપી ઝેરનો નાશ કરવા સમર્થ હોવાથી અમૃતકુંભ છે." ઇત્યાદિ કહ્યું છે. તેનાથીજ દિગમ્બરોની માન્યતા અનુસાર, નિશ્ચયદષ્ટિએ ભાવમુનિની અવસ્થામાં રહેલો ગૃહસ્થ, વ્યવહારરૂપ દ્રવ્યલિંગને (નગ્નત્વ આદિ) ધારણ કર્યા વિના, મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી એમ સિદ્ધ થાય છે. શ્વેતામ્બર શાસ્ત્રોમાં "ગૃહસ્થલિંગ સિદ્ધ" ઇત્યાદિ કથન છે તે તે ગૃહસ્થ માટે છે, કે જેણે પૂર્વ જન્મમાં કર્મના મોટાં ભાગનો ક્ષય કર્યો હોય તેવા કોઈ ગૃહસ્થની સિદ્ધિનું કથન છે. આ કથનથી પણ વ્યવહારનીજ મુખ્યતા સિદ્ધ થાય છે. કિં બહુના ! !

## વ્યવહાર-સિદ્ધિ

વળી તીર્થંકર ભગવાન જ્ઞાનસંપન્ન હોવા છતાં પણ, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને અને નિશ્ચયથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પણ વ્યવહારદીક્ષાનું પાલન કરતા તપ કરે છે અને ઉપસર્ગો સહે છે. જો કાળલબ્ધિથી જ બધું થઈ જતું હોય તો તીર્થંકર ભગવાન આટલા પ્રયાસો શા માટે કરતા હશે? કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પણ શા કારણે તેઓ વિહાર કરતા હશે?

**શંકા**—જેટલી ક્ષેત્રસ્પર્શના હોય તેટલી તીર્થંકરે પણ કરવી જ રહી.

**સમાધાન**—તીર્થંકર ભગવાનને જેટલી ક્ષેત્રસ્પર્શના હોય તેટલી કરવી જ પડે છે એમ તમે કહો છો, તો અમે પૂછીએ છીએ કે, તે ક્ષેત્રસ્પર્શના ક્ષાયિક, ઔપશમિક, ઔદયિક, પારિણામિક અને ક્ષાયોપશમિક એ પાંચ ભાવમાંથી ક્યા ભાવમાં છે? પાંચથી વધારે ભાવોનો સંભવ નથી.

**શંકા**—વિહાયોગતિ નામકર્મના ઉદયથી તીર્થંકરને જેટલી ક્ષેત્રસ્પર્શના હોય તેટલી કરવી જ પડે છે.

**સમાધાન**—વિહાયોગતિ નામકર્મના ઉદયથી તો બળદની માફક શુભ ગતિ જ થવી જોઇએ, પણ તે કર્મના ઉદયથી એટલા ક્ષેત્રને સ્પર્શ કરવો જ જોઇએ એમ તો નહિ જ કહી શકાય. તીર્થંકરને પણ પરતંત્રતા ભોગવવાનું જે કથન છે તે અપસિદ્ધાંત છે. કહ્યું છે કેઃ—

**ततः परार्थसम्पत्त्ये, धर्म्ममार्गोपदेशने**
**कृततीर्थविहारस्य योग त्यागः परक्रिया ॥**

**અર્થઃ**—તીર્થંકર પ્રભુ પરના હિત અર્થે, ધર્મ માર્ગ દેખાડવાને વિહાર કરે છે (છેવટે તેઓ યોગત્યાગની ઉત્કૃષ્ટ ક્રિયા કરે છે.)

શ્રી આદિ પુરાણમાં તીર્થની વ્યવસ્થા અને પરોપકારને અર્થે તીર્થંકર ભગવાન વિહાર કરે છે આવું સ્પષ્ટ કથન છે. પ્રવચનસારમાં પણ તીર્થંકરના વિહારને સ્વાભાવિક માનવામાં આવ્યો છે. ક્ષેત્રસ્પર્શના માની લઇએ તો પણ તીર્થંકરનો વિહાર તો ઊદયભાવમાં નથી જ. કાળલબ્ધિ ને જ વિહારનું કારણ માનવું એ દુર્ગમ છે. કારણ કેઃ—

**कालो सहाव नियई पुव्वकयं चेव पुरिसक्कारो ॥**
**पंचण्हं समवाओ सम्मत्तं जिणवरूद्दिट्ठं ॥**

**અર્થઃ**—કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત (કર્મ) અને પુરૂષાર્થ એ પાંચે કારણોના સમવાયથી કાર્યની સિદ્ધિ થાય છે, તથા એ જ સમ્યક્ત્વ છે આવો તીર્થંકરનો ઉપદેશ છે. આથી ઊકત પાંચે કારણોને કાર્યના કારણ માનવા જોઈએ. એક માત્ર કાળલબ્ધિને કાર્યસાધક માનવાથી *કાળવાદીના મતને માનવાનો પ્રસંગ આવશે.

---

***कालः पचति भूतानि कालः संहरते प्रजाः ।**
**कालः सुप्तेषु जागर्ति कालो हि दुरतिक्रमः ॥**

તત્ત્વાર્થ સૂત્રકાર "**तन्निसर्गादधिगमाद्वा**" અર્થાત્ નિસર્ગ (સ્વભાવ) અને અધિગમ (ગુરૂ ઉપદેશ આદિ) બન્નેને સમકિતના કારણ માને છે. ઉપાસક દશાંગના સદ્દાલ પુત્રના× અધિકારમાં "**अत्थि उट्ठाणे त्ति वा, कम्मेतिवा, बलेतिवा वीरियेतिवा, पुरिसक्कार परक्कमे त्ति वा**" આ પ્રમાણે પુરૂષાર્થનીજ પ્રધાનતા બતાવેલી છે.

જે લોકો એમ કહે છે કે, અમારી ભવ સ્થિતિ પાકી નથી, તે જ્યારે પાકશે ત્યારે પોતાની મેળે અમને સમકિતની પ્રાપ્તિ થઈ જશે, તેમજ "**खेत्रफरस कर्म प्रकृति के उदै आये विना डग भरे अन्तरिक्ष जाकी चालि है**" ઈત્યાદિ કથન કરે છે તે પરાકૃત છે. આ પ્રમાણે નિયતિવાદીના મતને ગ્રહણ કરવાથી ગોશાલકના મતને માનવાનો પ્રસંગ આવશે. આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે કેવળ કાળ-લબ્ધિથી અથવા કેવળ અધ્યાત્મ ભાવનાથી કર્મ જીતી શકાતા નથી. કર્મને જીતવા માટે વ્યવહારનો આશ્રય લીધા વિના ચાલી શકે તેમ નથી. સમયસારની વૃત્તિમાં પણ કહ્યું છે કેઃ—

**मग्नाः कर्मनयालंबनपरा ज्ञानं न जानन्ति यन्**
**मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छंदमंदोद्यमाः।**
**विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानीभवन्तः स्वयं।**
**ये कुर्वन्ति न कर्म न यान्ति च वशं जातु प्रमादस्य॥**

---

× એક વખતે સદાલપુત્ર શાલામાંથી માટીના વાસણોને તડકે મૂકતા હતા, ત્યારે અવસર જોઇને પ્રભુએ તેને પુછ્યું 'આ વાસણો ઉદ્યમથી બન્યા કે વિના મહેનતે બન્યા?' ત્યારે તેણે કહ્યું, 'વગર મહેનતે બન્યા, માટે હું ઉદ્યમને માનતો નથી.' પ્રભુએ કહ્યું, 'આ વાસણો કોઇ માણસ ચોરી જાય તો તું તેને શું કરે?' સદાલ પુત્રે કહ્યું, 'હું તેની તાડના, તર્જના, હનન આદિ કદર્થના કરૂં.' એટલે પ્રભુએ કહ્યું, હે સદાલપુત્ર! તારાંજ વચનથી તું ઉદ્યમને કબૂલ કરે છે. તો પછી તારાથી તેનો નિષેધ કરાય જ નહિ. પ્રભુના એવા યુક્તિયુક્ત વચનોથી તે પ્રતિબોધ પામ્યો અને ગૌશાલાના મતને છોડીને પ્રભુ મહાવીરની પાસે તેણે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યાં.

**અર્થ:**—કર્મનયના આલંબનમાં તત્પર પુરુષો ડૂબેલા છે કારણ કે તેઓ જ્ઞાનને જાણતા નથી. જ્ઞાન નયની એષણા કરનાર પુરુષો પણ ડૂબેલા છે કારણ કે તેઓ સ્વચ્છંદથી અત્યંત મંદ ઉદ્યમી છે. જે નિરંતર જ્ઞાનમાં રહીને પોતે કંઈ કર્મ કરતા નથી અને કદિ પણ પ્રમાદને વશ થતા નથી તે, વિશ્વના ઉપર તરે છે, અર્થાત્ શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે છે. ઊક્ત શ્લોકમાં પ્રમાદના ત્યાગ રૂપ પ્રતિક્રમણનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે. જ્ઞાન પ્રાપ્ત કરીને શા માટે હે પ્રાણિ! તું પ્રમાદ કરે છે? પ્રમાદનો ત્યાગ કરીને શા માટે ઊંચે ચઢવાનો પ્રયાસ નથી કરતો. પ્રમાદયુક્ત પુરુષનું અંતઃકરણ કેવી રીતે શુદ્ધ હોઈ શકે? કષાયના ભારની ગુરૂતાથી આળસ અને પ્રમાદ ઉત્પન્ન થાય છે. જે મુનિ પ્રમાદનો ત્યાગ કરી પોતાના સ્વભાવમાં સ્થિત થઈને પરમશુદ્ધતા પ્રાપ્ત કરે છે, તે શીઘ્રહી સંસારથી મુક્ત થાય છે. આથી એટલું સિદ્ધ થાય છે કે પ્રતિક્રમણ કરવાથી પ્રમાદથી થયેલા દોષો વિશુદ્ધ થાય છે.

## તપ વિચાર

વ્યવહારનું ફળ પરને પ્રતીતિ કરાવનારૂં છે તેથી તે એકાન્ત ત્યાજ્ય નથી. કારણ કે ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે. **पंचहिं टाणेहिं केवली उदिण्णे परीसहे आहियासिज्जइ, जावं च णं ममं आहियसेमाणस्स बहवे समणा निग्गंथा छउमत्था उदिण्णे परीसहे अहियासिज्जंति.**

**અર્થ:**—કેવળી ભગવાન, ઉદયમાં આવેલા પરીષહોને, બીજા શ્રમણનિર્ગ્રન્થ યાવત્ છદ્મસ્થ ઊદયગત પરીષહોને સહન કરશે એમ માનીને, પરીષહ સહન કરે છે. તથા આચારાંગની વૃત્તિમાં "**जमिण**" આ સૂત્રમાં જે કોઈ સમ્યગ્દષ્ટિ સાધુ પાંચ મહાવ્રતોને વહન કરવામાં પ્રમાદ કરતાં છતાં, પણ બીજા સમાન સાધુઓની લજ્જાથી, ગુરૂ આદિના ભયથી અથવા ગૌરવથી આધાકર્મ આદિ

દોષોને છોડીને નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરે છે, તેમ જ તીર્થની પ્રભાવના માટે લોકપ્રસિદ્ધ માસખમણ આદિ ક્રિયા કરે છે, તેમાં તેનો મુનિભાવ એ જ કારણ છે. ઊક્ત ક્રિયાઓ કરવાથી અનુક્રમે તેના પરિણામ વિશુદ્ધ થતા જાય છે. આ વ્યવહાર નયનો અભિપ્રાય છે.

આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનના સાતમા ઉદ્દેશામાં કહ્યું છે. "**जे बहिया जाणइ से अज्झत्थं जाणइ**" અહીં પણ જે બાહ્ય અર્થાત્ પ્રાણિગણને જાણે છે, તે અધ્યાત્મને જાણે છે. અને અધ્યાત્મને જાણીને પ્રાણીઓનું રક્ષણ કરવું જોઇએ. આથી પણ જ્ઞાન અને ક્રિયા બન્નેનું ગ્રહણ થાય છે અને ક્રિયા એ જ વ્યવહાર છે.

મનને ઉદ્દેશીને કર્મનો બંધ થાય છે ઇત્યાદિ કહ્યું છે તે ઠીક છે, પરંતુ મનને સ્થિર કરવાના ઉપાયો શા છે? મનને વશ કરવાના ઉપાયો તો તપ વિગેરે વ્યવહાર જ છે કારણ કે:—

**निवसन्ति हृषीकाणि निवृत्तानि स्वगोचरात्।**
**एकीभूयात्मनो यस्मिन्नुपवासमिमं विदुः॥ १॥**
**चक्रे तीर्थकरैः स्वयं निजगदे तैरेव भूभूषणैः।**
**श्रीहेतुर्भवहारि दारित्तरुर्जं सन्निर्जराकारणं॥ २॥**
**सद्यो विघ्नहरं हृषीकदमनं मांगल्यमिष्टार्थकृत्।**
**देवाकर्षणकारि दर्पदलनं तस्माद्विधेयं तपः॥ ३॥**

**અર્થ:**—પોતાના વિષયથી નિવૃત્ત થઇને ઇન્દ્રિયો એકાકાર થઇને જેમાં વસે છે તેને ઉપવાસ કહે છે. (૧) ઉપવાસ શ્રેયનું કારણ, ભવનો નાશ કરનાર તથા કર્મની નિર્જરા કરાવનાર છે, તેથી તીર્થંકરોએ પોતે અપવાસ આદિ તપ કર્યા છે અને લોકોને પણ કરવાનો ઉપદેશ આપ્યો છે. (૨) તપ શીઘ્ર વિઘ્નોનો નાશ કરે છે, ઇન્દ્રિયોનું દમન કરે છે, ઇષ્ટ અર્થની પ્રાપ્તિ કરાવે છે, દેવનું આકર્ષણ કરે છે તથા દર્પનો નાશ કરે છે.

જીવ ચોથા ગુણસ્થાનમાં રહીને જો સામાયિક પ્રતિક્રમણ આદિ

ક્રિયા ન કરે તો ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વ ક્રોટિક અધિક ૬૬ સાગરોપમ જેટલો સમકિતનો કાળ વ્યતીત કરીને અવશ્ય તે જીવ સમ્યકત્વનું વમન કરી નાખે. અર્થાત્ તે જીવને સમ્યકત્વથી ભ્રષ્ટ થઈને ફરી સંસારમાં ભ્રમણ જ કરવું રહે. ત્યારે જો સમકિત પ્રાપ્ત કરીને સામાયિક પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયા કરે તો, ઉત્તરોત્તર ગુણસ્થાનોમાં ચડતો જાય અને છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષનો અધિકારી બને. એ જ કારણથી ઉત્કૃષ્ટ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને અંતે તીર્થંકરો પણ ધ્યાનરૂપ ક્રિયાનો આશ્રય લે છે. વળી સમકિત પ્રાપ્ત કરવાને યથાપ્રવૃત્તિ આદિ કરણોથી રાગદ્વેષની ગ્રન્થિને નાશ કરવામાં અશુદ્ધ ક્રિયા એ જ હેતુ છે.

મોક્ષ પ્રાપ્તિમાં પણ ક્રિયા એ જ સાક્ષાત્ હેતુ છે, કારણ કે ક્રિયા નિર્જરાનો ઉપાય છે. જેમ જેમ જીવ પ્રત્યુપ્રેક્ષણાદિ ( પ્રતિલેખન ) ક્રિયા કરે છે, તેમ તેમ સંવરને આશ્રય કરવાથી નવા કર્મનો બંધ નથી થતો; અને જેમ જેમ જીવાત્મા દુષ્કર તપ કરે છે તેમ તેમ પૂર્વે બંધાયેલા કર્મ ક્ષીણ થતા જાય છે. આગમોમાં પણ આ અર્થ દેખાય છે. **संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरई** અર્થાત "તે મુનિઓ સંયમ અને તપદ્વારા આત્માને ભાવતા થકાં વિચારતાં હતાં" ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે કેઃ—

**तवनारायजुत्तेणं भित्तूणं कम्मकंचुयं ।**
**मुणी विगयसंगामो भवाओ परिमुच्चइ ॥**

**અર્થ:**—તપરૂપી બાણ વડે કર્મરૂપી કંચુકને ભેદીને સંગ્રામરહિત મુનિ સંસારથી મુકત થાય છે. અહીં પણ આત્માને વિશુદ્ધ કરવાને તપની આવશ્યકતા દર્શાવી છે.

દુષ્કર્મના આચરણમાં અમારો ઉદયભાવ છે એમ માનવું તે ઘોર અજ્ઞાન છે. એમ માનવાથી પુરુષાર્થ નિરર્થક થઈ જશે. તપ વિગેરે પુરુષાર્થથી જ નિર્જરા થાય છે. દ્રવ્યસંગ્રહમાં શ્રીનેમિચન્દ્ર પણ કહે છેઃ—

**जह कालेण तवेण य भुत्तरसं कम्मपुग्गलं जेण ।
भावेण सडदि णेया तस्सडणं चेदि णिज्जरा दुविहा ॥**

**અર્થઃ**—જેમ જીવાત્મા ઉદયકાળે અને તપદ્વારા કર્મ પુદ્દગલોના રસનો અનુભવ કરે છે તેને એ બે રીતે કર્મની નિર્જરા થાય છે. તેથી દ્રવ્ય અને ભાવ એમ નિર્જરાના બે ભેદ નિષ્પન્ન થાય છે.

જે સમયે જીવ તપ અનુષ્ઠાન આદિ ભાવનાથી શાન્ત નામના શુદ્ધોપયોગરૂપ રસનો અનુભવ કરે છે, તે વખતે સર્વ પ્રકારના કર્મ વિકારથી આત્માને જુદો કરનારી ભાવ નિર્જરા થાય છે. તે ભાવ નિર્જરામાં આત્મા જેમ જેમ સમર્થ થતો જાય છે, તેમ તેમ દ્રવ્ય-કર્મનો નાશ થતો જાય છે. આત્મ પ્રદેશોથી કર્મ પુદ્દગલોને દૂર કરે તે દ્રવ્ય નિર્જરા છે.

દ્રવ્ય નિર્જરાના બે પ્રકાર છે (૧) યથાકાળ નિર્જરા (૨) અવિપાક નિર્જરા. શુભાશુભ કર્મના વેદનથી જે નિર્જરા થાય તે યથાકાળ નિર્જરા કહેવાય છે. આત્મધ્યાન તથા દુષ્કર તપથી જે નિર્જરા થાય છે તે અવિપાક નિર્જરા કહેવાય છે. આથી સમજી શકાય છે કે આત્માને કર્મરહિત, પાપમુક્ત અને શુદ્ધ કરવા માટે તપની કેટલી જરૂર છે.

**શંકા**—આત્મગુણનો પ્રતિબંધક કર્મને દૂર કરવાને શું તપ આવશ્યક છે?

**સમાધાન**—પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા એ સમકિતના પાંચ અંગ છે. સમકિતનો દરેક અંગ તપનું મહત્વ સૂચવે છે. એ પાંચ અંગના અભાવમાં સમકિતનો પણ અભાવ છે એ વસ્તુ સ્પષ્ટ છે. સમયસાર નાટકમાં પણ કહ્યું છે,

કૃપા પશમ સંવેગ દમ અસ્તિ ભાવ વેરાગ,
એ લચ્છન જા કે હિયે સપ્તવ્યસન કો ત્યાગ.

આથી સમ્યગ્દષ્ટિએ દિવસે દિવસે વૈરાગ્યભાવની વૃદ્ધિ કરવી

જોઈએ. જો કે સમકિતદષ્ટિ અવિરતિ છે, તો પણ માંસ મદ્ય આદિ ભક્ષણથી નિવૃત્ત થવાથી વિરતિ સમક્તિની સહચારિણી છે એમ સમજવું. જો વિરતિને સમક્તિની સહચારિણી ન માનવામાં આવે તો સમ્યકત્વનો આત્મ-લાભ થઈ શકશે નહિ. એ જ કારણથી ગોમ્મટસારના કર્તાએ સમક્તિનો સંયમમાર્ગણામાં અન્તર્ભવ કર્યો છે. માટે એમ ન કહેવું કે પાંચમા ગુણસ્થાનના આરંભમાં જ વિરતિ આવે છે. જો કે ચતુર્થ ગુણસ્થાનવર્તિ જીવ ભાવથી વિરત નથી, કારણ કે તેનું અવિરતિપણું દૂર થયું નથી; પણ જેમ લૌકિક વૈષ્ણવ આદિ અવ્રતી હોવા છતાં પણ દ્રવ્યદષ્ટિએ તેઓમાં વિરતિ હોય છે તેમ દ્રવ્યની અપેક્ષા સમ્યગ્દષ્ટિ પણ વિરતિ છે. તેથી સંવેગની ઇચ્છા કરનાર વ્યવહારથી તપ આદિ કરીને આત્મ-ગુણોને આવરણ કરનાર કર્મને દૂર કરી શકે છે.

સમયસારની વૃત્તિમાં પણ કહ્યું છે,

**तथापि न निर्गलं चरितुमिष्यते प्राणिनां**
**तदायतनमेव सा किल निर्गला व्यापृत्तिः ।**
**अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां**
**द्वयं न हि विरूद्धयते किमु करोति जानातिच ॥**

અર્થઃ—તથાપિ (અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત કરીને) પણ જ્ઞાનીઓને સ્વચ્છંદપણે પ્રવર્તવું તે યોગ્ય નથી. કારણ કે સ્વચ્છંદપ્રવૃત્તિ ખરેખર બંધનું કારણ છે. જ્ઞાનીઓ વાંછા વિના જે કર્મ કરે છે તે બંધનું કારણ નથી એમ માનવું અકારણ છે. કારણ કે જાણવું અને કરવું એ બન્ને ક્રિયાઓ શું વિરોધ રૂપ નથી ?

ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કથન છે,

**अज्झत्थं सव्वओ सव्वं दिस्स पाणे पियाउए ।**
**न हणे पाणिणो पाणे भयवेराओ उवरए ॥**

અર્થઃ—સર્વ પ્રાણિઓને પોતાનું આયુષ્ય પ્રિય છે એમ જાણીને

સર્વ જીવોને પોતાના આત્માની તુલ્ય જાણે અને કોઈ પણ પ્રાણિના પ્રાણને હણે નહિ તથા ભય અને વેરથી ઉપરામ પામે.

વળી ઉપદેશમાળામાં પણ કહે છે,

**"सम्मदिठो वि कयागमो वि अइविसयरागसुहवसओ।**
**भवसंकडम्मि निवडइ इत्थं पुण सच्चई नायं"॥**

**અર્થઃ**—જેણે સૂત્રોનો અભ્યાસ કર્યો છે એવો સમ્યગ્દષ્ટિ પણ અત્યન્ત વિષયના રાગથી ભવસંકટમાં પડે છે અને ફરી તેને સુમાર્ગ મળવો મુશ્કેલ થઈ પડે છે. ઉપદેશ રત્નાકરમાં પણ કહ્યું છે,

**दसारसीहस्स इय सेणियस्सा पेढालपुत्तस्स सच्चइस्स।**
**अणुत्तरदंसणसंपया विणा चीरत्तेणऽहरं गइं गया॥**

**અર્થઃ**—દશારસિંહ, શ્રેણિક રાજા, પેઢાલ પુત્ર અને સાત્યકી પાસે ઉત્તમ દર્શન સંપત્તિ (સમ્યક્ દર્શન) હતી પણ ચારિત્રના અભાવે તેઓ નરક ગતિમાં ગયા.

**શંકા**—અમે ચારિત્રનો નિષેધ નથી કરતા પણ આત્મભાવમાં રમણ કરવું તેને જ અમે ચારિત્ર કહિએ છીએ. સંયમ, તપ આદિને અમે નથી માનતા કારણ કે સિદ્ધમાં સંયમ, તપ આદિનો અભાવ છે.

**સમાધાન**—સંયમ તપ આદિનું આચરણ કર્યા વિના સ્વરૂપ આચરણ રૂપ ચારિત્રની પ્રાપ્તિ થઈ શકતી નથી. જો કેવળ સ્વભાવ રમણરૂપ ચારિત્રથી જ મોક્ષ થતો હોય તો શ્રેણિક આદિ રાજાઓને સંસારમાં પરિભ્રમણ કરવું પડત નહિ. કારણ કે તેમને આત્મભાવ-રમણરૂપ ચારિત્ર અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયું હતું. માટે સંયમ આચરણ આદિ વ્યવહાર ચારિત્ર વિના માત્ર નિશ્ચય નયથી મોક્ષ સંભવ નથી. કહ્યું છે કે,

**निश्चयाद् व्यवहृतिर्व्यवहारान्निश्चयःस्थितिरियं प्रकटैव।**
**सदृरुचेविरमणंविरतेः सात्तो बहिर्युगपदंगिनि योगः॥**

**અર્થઃ**—નિશ્ચયથી વ્યવહાર અને વ્યવહારથી નિશ્ચય પ્રવૃત્ત

થાય છે. આ સ્થિતિ ચોક્કસ છે. આ સ્થિતિ વિરતિ અને સદ્દૃષ્ટિ વાળાને પ્રાપ્ત થાય છે.

આ ઉપરથી નિશ્ચય અને વ્યવહારમાં સાધ્ય સાધન ભાવ છે એમ સ્પષ્ટ થાય છે. નિશ્ચય સાધ્ય છે અને વ્યવહાર તેની પ્રાપ્તિનું સાધન છે. માટે વ્યવહાર વિના નિશ્ચય પણ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરવા સમર્થ નથી. મોક્ષનું સાધન સંયમનું આચરણ છે અને સંયમનું આચરણ એ વ્યવહારરૂપ છે.

## દાન વિચાર

વળી અધ્યાત્મવાદીઓ દાનને સોનાની બેડી કલ્પીને તેને એકાન્તથી છોડાવવા લાયક માને છે તે પણ ઠીક નથી. કોઈ પણ જાતની ઇચ્છાથી જે દાન કરવામાં આવે છે તેનાથી ભોગ સામગ્રી ઉત્પન્ન થાય છે, પણ નિષ્કામ ભાવનાથી સુપાત્રને જે દાન કરવામાં આવે છે તેનાથી નિર્જરા જ થાય છે.

ભગવતિસૂત્રના શતક ૮ ઉદ્દેશા ૬ માં કહ્યું છે કે **समणोवासगस्स णं भन्ते। तहारूवं समणं वा माहणं वा फासुएणं एसणिज्जेणं असणं ४ पडिलाभेमाणस्स किं कज्जति? गोयमा! एगन्तसो निज्जरा कज्जइ, । नत्थि से पावकम्मे।**

**અર્થઃ**—હે ભગવાન! યોગ્ય–તથારૂપ સાધુ અથવા માહાણ* ને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર પ્રકારના આહારનો પ્રતિલાભ કરનાર ગૃહસ્થને શો લાભ થાય છે? હે ગૌતમ! તેને એકાન્ત નિર્જરા થાય છે, તેને પાપકર્મ નથી લાગતું. સાધુને નિર્દોષ ભીક્ષા આપવાથી તે પુરુષ તેને સમાધિ પમાડે છે. જે બીજાને સમાધિ પ્રાપ્ત કરાવે

---

* જૈન પરિભાષાએ ઉતરાધ્યયન સૂત્રમાં 'માહણ' શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે સમજવી. જિતેન્દ્રિય, નિર્વિષય, સમ્યક્દૃષ્ટિ, સંસારમાં રહીને પણ સંસારથી અલિપ્ત રહેનારો, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય આદિ મહાવ્રતોનું મન, વચન અને કાયાથી પાલન કરનાર બ્રાહ્મણ કહેવાય છે.

છે તે પોતે પણ સમાધિ પ્રાપ્ત કરે છે. તે પુરુષ અસંયમ રૂપી જીવનને તજી દે છે. યાવત્ સમકિતની પ્રાપ્તિ કરીને છેવટે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે. એટલા જ માટે ધન્ના સાર્થવાહના દૃષ્ટાંતમાં કહેવાય છે કે, હે સાર્થવાહ ! જો તેં દાનનો પ્રવાહ બે ઘડી વધારે લંબાવ્યો હોત તો તને અવશ્ય કેવળજ્ઞાન થાત.

દાનને સર્વથા પુણ્યમાં ગણવામાં આવે છે તેમાં અપૂર્ણતા રહેલી છે. મનપુણ્ય, વચનપુણ્ય, કાયપુણ્ય અને નમસ્કારપુણ્ય એ સાક્ષાત્ સંવર અને નિર્જરાના કારણ છે. એનો વિચાર ડાહ્યા માણસોએ કરવો જ જોઇએ.

શ્રાવકના બારમા અતિથિ-સંવિભાગ વ્રતને તીર્થંકર પ્રભુ સંવરરૂપ ગણે છે. અતિથિ-સંવિભાગ વ્રતનો સુપાત્ર દાનની સાથે અવિનાભાવ સબંધ છે. જેની આવવાની તિથિ નિયત નથી એવા સાધુને ભિક્ષા, ઉપકરણ, ઔષધ અને પ્રતિશ્રય આપવા જોઇએ. ભિક્ષા નિર્દોષ હોવી જોઇએ. સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ કરવામાં નિમિત્તભૂત ધર્મોપકરણ આપવા જોઇએ. રોગી સાધુને ઓસડ આપવું જોઇએ અને પરમ ધર્મશ્રદ્ધાથી સાધુને રહેવાને આશ્રય આપવો જોઇએ. ઇત્યાદિ ભાવના સંગ્રહમાં શ્રાવકધર્મના અધિકારમાં વર્ણન છે.

અનુકંપાવશ જે દાન કરવામાં આવે છે તે પણ પ્રવચન પ્રભાવનાનું અંગ હોઇ સમ્યક્ આચાર છે. અને સમ્યક્ત્વ નિર્જરાનું જ કારણ છે. તેથી વ્યવહારિક દાન પણ એકાંત છોડવા લાયક નથી.

## બ્રહ્મચર્ય વિચાર

અધ્યાત્મવાદીઓના મતમાં વ્યવહારિક બ્રહ્મચર્ય આદિના પાલનને માનસિક સંકલ્પથી ઉત્પન્ન થતાં દોષો બતાવીને નિરર્થક માનવામાં આવેલ છે તે પણ ઠીક નથી.

નવમગુણસ્થાન સુધી મૈથુનથી સર્વથા વિરતિ નથી કારણ કે

ત્યાંસુધી વેદનો ઉદય છે. ગોમટ્ટસારના સંજ્ઞામાર્ગણા દ્વારમાં નવમા ગુણસ્થાન સુધી મૈથુન સંજ્ઞા છે એવું પ્રતિપાદિત છે. જો તમે વ્યવહારરૂપ બ્રહ્મચર્યને નહિ માનો તો પાંચ મહાવ્રતના આચરણરૂપ છઠ્ઠા ગુણસ્થાનનું અસ્તિત્વજ નહિ રહે.

## પ્રતિક્રમણ વિચાર

જે પુરુષ ભયથી અથવા લજ્જાથી દુષ્કર્મનું આચરણ નથી કરતો તે પુરુષનું મન અસ્થિર હોવા છતાં પણ માનસિક એકાગ્રતા સાધવાને તેણે છઠ્ઠ, અઠ્ઠમ આદિ વ્યવહારિક તપ કરવા જોઇએ. મનની સ્થિરતા માટે અભ્યાસ સાધન છે. કહ્યું છે કેઃ—

**जइवि पडिलेहणाए हेऊजियरक्खणं जिणाणा य ।**
**तहवि इमं मणमक्कडनिज्ञन्तणत्थं मुणी बिन्ति ॥**

અર્થઃ—યદ્યપિ પ્રતિલેખનામાં જીવ રક્ષણનો હેતુ રહેલો છે એ જિન આજ્ઞા છે તોપણ મનરૂપી વાંદરાને જિતવાને મુનિ પ્રતિલેખનાદિદ્વારા અભ્યાસ કરે છે.

વળી સાવદ્ય પ્રવૃતિથી કાયા અને વચન નિવૃત્ત થઇ જાય અને મન નિવૃત્ત ન થાય તો, મન સંબંધી દોષ લાગશે, પણ વચન અને કાયા સંબંધી દોષથી તે બચી જશે. કહ્યુ છે કેઃ—

**यदहमकार्षं, यदचीकरं यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासम् ।**
**मनसा वाचा कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥**

અર્થઃ—મન વચન અને કાયાવડે મેં જે દુષ્કર્મ કર્યા, બીજા પાસે કરાવ્યા અને કરતાંને ભલાં જાણ્યા તેમાં મને જે પાપદોષ લાગ્યા હોય તે નિષ્ફળ થાઓ. આ પ્રમાણે ૪૯ ભાંગાથી 'મિચ્છામિ દુક્કડં' રૂપ પ્રતિક્રમણ કલ્પ, એજ પ્રમાણે ૪૯ ભાંગાથી આલોચના કલ્પ અને ૪૯ ભાંગાથી પ્રત્યાખ્યાન કલ્પ થાય છે. એમ કલ્પના ત્રણ ભેદ છે. ઉપર કહેલા બધા ભેદો મનથી જ ઉત્પન્ન નથી થતા.

તેમાં ત્રણુ કરણુ અને ત્રણે યોગ સમ્મિલિત છે. તેથી મન સંબંધી દોષ લાગવાની આશંકાએ પ્રતિક્રમણુ આદિ ન કરવા તે યોગ્ય નથી. પ્રતિક્રમણુ ન કરવાથી અનેક દોષ લાગવાનો સંભવ છે. આથી કહ્યું છે કેઃ—

**अविहिकयावरमकयं उस्सुयवयणं वयंति सव्वन्नू ।**
**जम्हा पायच्छित्तं अकए गुरुअं कए लहुयं ॥**

**અર્થઃ**—અવિધિએ કરતાં ન કરવું તે સારૂં છે એમ માનવું એને સર્વજ્ઞ ભગવાન ઉત્સૂત્ર કહે છે, માટે ન કરવા કરતાં અવિધિએ કરેલું તેનાથી સારૂં છે. કારણુ કે ન કરનારને ગુરૂ–પ્રાયશ્ચિત અને અવિધિએ કરનારને લઘુ–પ્રાયશ્ચિત આવે છે.

**શંકા**—મન જ્યાંસુધી સર્વથા નિર્દોષ ન થાય ત્યાંસુધી આવશ્યક આદિ કરવાની શી જરૂર?

**સમાધાન**—સર્વથા નિર્દોષતા પ્રાપ્ત થતાં પહેલાં કાંઈપણુ ન કરવાનો જો આગ્રહ રાખશો તો ચૌદમાં ગુણુસ્થાન પહેલાં કાંઈ કરવું જ ન જોઈએ. કારણુ કે પરમ યથાખ્યાત ચારિત્ર ૧૪માં ગુણ-સ્થાનમાં જ પ્રાપ્ત થાય છે. આનું પ્રતિપાદન ઉત્તરાધ્યયન આદિ સૂત્રોમાં છે. વળી પરમ યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થયા પછી પણુ કોઈ ક્રિયા કરવાની જરૂર રહેતી નથી, તો પછી અધ્યાત્મવાદિઓના મતમાં ક્રિયા ક્યારેએ પણુ ઉભી રહેશે નહિ.

વિધિ વિધાનનું પાલન કરવામાં યત્ન કરવો ઘટે. વિધિનું પાલન કરતાં અવિધિ થાય ત્યારે "**मिच्छामिदुक्कडं**" આપી તેનું પ્રાયશ્ચિત કરવું જોઇએ. ઠાણુાંગ સૂત્રમાં છદ્મસ્થને પણુ યથાવાદી તથાકારી* અર્થાત જેવું બોલે તેવું જ કરનાર કહેવામાં આવ્યા છે.

સામાયિક અને છેદોપસ્થાનિક ચારિત્રમાં અતિચાર લાગે છે અને અતિચારનું બાહુલ્ય હોવાથી વર્તમાનકાળમાં આર્ય ક્ષેત્રમંડળમાં

* આ કથન સામાન્યથી સમજવું વિશેષથી નહિ.

મુનિઓનો અભાવ છે એમ માનવું તે યોગ્ય નથી. આર્ય-ક્ષેત્ર-મંડળમાં મુનિઓનો અભાવ માનવાથી શ્રાવકોનો, અને ગુરૂના ઉપદેશથી પ્રાપ્ત થતાં સમકિતનો પણ અભાવ માનવો પડશે. તેમજ તીર્થનો પણ લોપ થઈ જવાનો સંભવ છે. આથી વ્યવહારની સિદ્ધિ થવાથી મુનિ શ્રાવક, અને સમ્યકદષ્ટિ જીવોનું અસ્તિત્વ પણ સિદ્ધ છે. તેજ કારણથી દાન, શીલ, તપ, સામાયિક, પ્રતિક્રમણ આદિને પણ સિદ્ધિના પગથિયાં માનવા જોઈએ.

## મુનિ-વિચાર

પંચમહાવ્રત પાલૈ પંચ સમિતિ સંભાલૈ
પંચ ઇન્દ્રી જીત ભયૌ ભોગી ચિતવે ન કૌં
ષડાવશ્યક દર્વિત ભાવિત સાધૈ
પ્રાસુકધરામેં એક આસન હૈ સૈન કૌં
મંજન ન કરૈં લુંચે તન વસ્ત્રમુંચે
ત્યાગૈ દંતવન પૈ સુગંધ સ્વાસા વૈન કૌં
ઠાઢૌ કરખૈ આહાર લઘુભુંજી એકવાર
અઠ્ઠાઇસ મૂલગુનધારી જતી જૈન કૌં.

ઈત્યાદિ ૨૮ પ્રકારના ગુણોથી યુક્ત જ્ઞાનવાન, વનવાસી, સંવેગી એવા ગુરુનો આ વિષમકાળમાં સંયોગ નથી. વર્તમાનમાં જે મુનિઓ દૃષ્ટિગોચર થાય છે તેઓ ઉપર કહેલા ગુણોના અભાવે ગુરુપદને લાયક નથી. આવો બનારસીદાસનો ઉપદેશ સાંભળીને એક ગૃહસ્થે તેમને પ્રશ્ન કર્યો કે તમે વર્તમાનકાળે પોતાના મંડલમાં વિચરનાર તથા લોચાદિ બાહ્ય ક્રિયા કરનાર સાધુઓને શા માટે સાધુ નથી માનતા? કદાચ તમે એમ કહો કે તેમનામાં સાધુના ગુણોનો અભાવ છે તેથી તેમને સાધુ ન કહેવાય. તો અમે એમ પુછીએ છીએ કે તમે કેવી રીતે તેનો નિર્ણય કર્યો?

શંકાઃ-પ્રત્યક્ષ પ્રમાણથી.

**સમાધાન:**-તો સાધુના સર્વગુણોનો સર્વભેદોની અપેક્ષાએ અભાવ છે? અથવા કેટલાક ભેદોની અપેક્ષાએ અભાવ છે? સાધુના સર્વ ગુણોનો અભાવ તો સિદ્ધ નથી, કારણ કે વ્રત, સમિતિ, લોચ આદિ સાધુના ગુણો તો પ્રત્યક્ષ થાય છે.

**શંકા:**—બાહ્ય વૃત્તિએ સાધુના ગુણો દેખાય છે. પણ અંતર વૃત્તિએ ગુણો દેખાતા નથી.

**સમાધાન:**—અંતર વૃત્તિનો ખ્યાલ તો કેવળી ભગવાનને જ આવી શકે. સામાન્ય માનવને નહીં. સાધુના મૂળગુણોમાં કેટલેક અંશે ઉણપ હોવા છતાં પણ, તેઓ મૂળ વસ્તુની ગવેષણા કરવાને સંયમનું આચારણ કરે છે એમ માનીને શ્રાવકો તેમની સાધુતામાં શ્રદ્ધા ધરાવે છે. જે લોકો અશ્રદ્ધાળુ હોય છે તે કોઈ પણ વ્યક્તિમાં ઘણા ગુણો હોય છતાં, તેના દોષોને આગળ કરી ગુણોને ગૌણ કરી મુખ્યરૂપે તેના દોષો તરફ જ આંગળી બતાવે છે. આવા અશ્રદ્ધાળુઓની વાતમાં કાંઇ પણ તત્ત્વ હોઇ શકે નહિ.

ભગવતિસૂત્ર તેમજ તત્વાર્થસૂત્ર આદિ ગ્રંથોમાં પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એ પ્રમાણે નિર્ગ્રંથોના પાંચ પદ બતાવેલ છે. છતાં પણ તેમનામાં ચારિત્ર છે એમ પ્રતિપાદિત છે. (૧) ઉત્તરગુણની ભાવનાથી જેમનું ચિત્ત રહિત છે, અને જે કદાચિત કવચિત વ્રતોમાં પૂર્ણતા નથી મેળવતા તે પુલાક કહેવાય છે. (૨) જે નિર્ગ્રંથ થઇને વ્રતોનું અખંડ પાલન કરે છે શરીરને શણગારે છે, ઋદ્ધિ અને યશની ઇચ્છા રાખે છે અને જેમનું ચારિત્ર મલીન છે તે બકુશ કહેવાય છે. (૩) કુશીલના બે પ્રકાર છે. પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ. એમાંથી જેણે મમતાનો સર્વથા ત્યાગ ન કર્યો હોય અને જે મૂળગુણથી સમ્પન્ન હોઈ ઉત્તરગુણોની કેટલેક અંશે વિરાધના કરે છે તે પ્રતિસેવના કુશીલ છે. ત્યારે પાણીમાં દોરેલી લીટી જેમ તરત મટી જાય એવો શીઘ્ર નાશ પામનાર સંજવલન માત્ર કષાય હોય તે કષાય કુશીલ કહેવાય છે. (૪) જેને એક

મુહૂર્ત પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું છે તે નિર્ગ્રન્થ અને (૫) જેને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું હોય તે સ્નાતક કહેવાય છે.

ઊક્ત પાંચે નિર્ગ્રન્થોના ચારિત્રમાં ન્યૂનાધિકતા છે તો પણ નૈગમનયની અપેક્ષાએ બધાય નિર્ગ્રન્થ પદના અધિકારી છે. વળી પુલાક, બકુશ, કુશીલ એ નિર્ગ્રન્થોમાં સાધુઓના સર્વ ગુણો નથી છતાં તેઓ પણ સાધુપદના અધિકારી છે. નિર્ગ્રન્થ શબ્દથી સમ્યગ્દર્શન સૂચિત થાય છે. આ પાંચે નિર્ગ્રન્થ ભાવલિંગની અપેક્ષાએ લિંગધારી છે. દ્રવ્યલિંગની અપેક્ષાએ લિંગધારી હોય અને ન પણ હોય. પુલાક, કાળ કરીને ઉત્કૃષ્ટ સહસ્રાર ૮ માં દેવલોકમાં, બકુશ અને પ્રતિસેવના કુશીલ આરણ અને અચ્યુત દેવલોક સુધી, કષાય કુશીલ અને નિર્ગ્રન્થ સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં જાય છે, જઘન્યથી સૌધર્મ સુધી જાય છે. આ પ્રમાણે નિર્ગ્રન્થના અસંખ્યાતા સંયમ સ્થાનક છે. સ્નાતકનું સંયમ-સ્થાનક એક જ છે. આમ ભાવનાસંગ્રહમાં પ્રતિપાદિત છે.

કાળની વિષમતાથી ભાવોની વિષમતા થવી એ સ્વાભાવિક છે. વર્તમાનકાળના સાધુઓમાં કેટલાક સાધુઓના ગુણોની ઉણપ છે, છતાં પણ તેમને માટે સાધુ શબ્દનો વ્યવહાર થાય છે. વળી વર્તમાનમાં દૃષ્ટિગોચર થતાં સાધુઓમાં જો સાધુપણાનો અભાવ માનવામાં આવશે તો, તીર્થનો જ વ્યવચ્છેદ-ઉચ્છેદ થઈ જશે અને તીર્થનો લોપ થવાથી પાંચમા આરા સુધી ચારિત્ર રહેશે આવું પ્રતિપાદન કરનાર સિદ્ધાન્ત પણ અસત્ય ઠરશે.

**શંકા**—અન્ય દેશોમાં મુનિઓનું અસ્તિત્વ સ્વીકાર કરવાથી સિદ્ધાંતમાં કોઈ પણ બાધ નહિ આવે?

**સમાધાન**—અન્ય દેશોમાં પણ કાળની વિષમતાને લીધે આ દેશના જેવી જ સાધુઓની સ્થિતિ હોવી જ જોઇએ. મૃગતૃષ્ણામાં પાણીની આશા કેમ હોય? કદાચ દેશાન્તરમાં યોગ્ય ગુરુઓનું અસ્તિત્વ માની લઇએ તો પણ તમે તેને ગુરુ તો નહિ જ માની શકો.

"**ગૃણાતિ ધર્મોપદેશં ગુરુરિતિ**" આ વ્યુત્પત્તિ પ્રમાણે જેનો ઉપદેશ સમકિત પ્રાપ્ત કરવામાં નિમિત્ત થાય તેજ ગુરુ છે. અન્ય દેશ અથવા અન્ય કાળમાં રહેલાં સાધુ ગુરુ હોઈ શકે નહિ.

વળી અનાર્ય દેશોમાં તીર્થંકર આદિ ઉત્તમ પુરુષોનો જન્મ નથી, તેથી ત્યાં ધર્મનો પણ અભાવ છે, તો પછી ત્યાં સાધુ તો ક્યાંથી હોય.

**શંકા**—અયોધ્યાદિ ક્ષેત્રોમાં મુનિઓ વિચરે છે ખરા?

**સમાધાન**—અયોધ્યા આર્ય ક્ષેત્ર છે તેથી અમારો જ મત સત્ય સાબિત થાય છે. આ કારણથી આ મુનિમંડલમાં પણ સાધુઓનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. જો આ ક્ષેત્રમાં સાધુઓનો સર્વથા અભાવ માનશો તો કાળ અને ક્ષેત્રની એકતાને લીધે અયોધ્યાદિ ક્ષેત્રોમાં મુનિઓનું અસ્તિત્વ છે કે નાસ્તિત્વ એનો નિશ્ચય થઈ શકશે નહિ.

**શંકા**—આ ક્ષેત્રમાં વિચરતાં સાધુઓ પરિગ્રહ રાખે છે તો તેમને સાધુ કેવી રીતે માનવા?

**સમાધાન**—જે પરિગ્રહ નથી રાખતાં તેમને સાધુ માનો એમાં અમારો કશો આગ્રહ નથી. ઘણા જૈન સાધુઓ પરિગ્રહ નથી રાખતાં. ધર્મના ઉપકરણ રાખવાં તે કંઈ પરિગ્રહ નથી. બનારસીદાસ પોતે જ કહે છેઃ—

પૂર્વ કર્મ ઉદૈ રસ ભુંજૈ, જ્ઞાન મગન મમતા ન પ્રયુંજૈ।
ઉરમેં ઉદાસીનતા લહિયૈ યું, બુધ પરિગ્રહવન્ત ન કહિયૈ ॥

શ્રી અમૃતચંદ્રાચાર્ય પણ સમયસારમાં કહે છેઃ—

પરિગ્રહ એટલે ઇચ્છા. જેને ઇચ્છા નથી તેને પરિગ્રહ પણ નથી. ઇચ્છા એ અજ્ઞાનમય ભાવ છે. અજ્ઞાનમય ઇચ્છાનો અભાવ હોવાથી જ્ઞાની અધર્મની ઇચ્છા કરતા નથી. જ્ઞાનીમાં જ્ઞાનમય ભાવ-ધર્મ જ હોય છે. એ જ પ્રમાણે અધર્મ શબ્દ બદલીને રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, કામ, જીભ, આંખ, નાક અને ત્વચા આ સોળ સૂત્રો પણ બુદ્ધિમાનોએ બટાવી

વેવા. તેમ જ—

थविर कलपी जिनकलपी दुविध मुनि दोऊ
वनवासी दोऊ नगन रहतु हैं।
दोऊ अठाईस मूलगुनके धरैया दोऊ
सरवत्यागी ह्वै वीतरागता गहतु हैं।
थविर कलपो ते जिनके शीशशाखा होंहि
बैठके सभामें धर्मदेशना कहतु हैं।
एकाकी सहज जिनकलपी तपस्वी घोर
उदै कीम रोरसौं परीसह सहतु हैं।

ઉપરના કવિત્તમાં સાધુએ વનમાં જ રહેવું જોઇએ એ પણ અસંગત છે. સાધુને માટે પાપકારી અને સંક્લેશજનક સ્થાનો ત્યાજ્ય છે, પરંતુ સાધુ અકૃત્રિમ ગિરિ ગુફા વિગેરે અને કૃત્રિમ શુન્યાગાર વિગેરે સ્થાનો કે જે સાધુઓના ઉદ્દેશ્યથી બનાવેલા ન હોય તેવા આરંભ વગરના સ્થાનોમાં સાધુ રહી શકે છે. આમ ભાવના સંગ્રહમાં કથન છે. પોતે પણ કહે છે કે—

जिनके सुमति जागी भोगसौं भये विरागी
परसंग त्यागी जे पुरुष त्रिभुवनमें।
रागादिक भावनिसौं जिनकी रहती न्यारी
कबहु मगन ह्वै न रहै धामधनमें।
जो सदैव आपुकौं विचारि सरवंग सुद्ध
जिनके विकलता न व्यापै कहु मनमें।
ते इ मोक्ष मारगके साधक कहावै जीव
भावै रहौ मंदिरमें भावै रहौ वनमें।

અન્યત્ર પણ કથન છે કે—

वनेऽपि दोषा भवन्ति रागिणां गृहेऽपि पंचेन्द्रियनिग्रहस्तपः।
अकुत्सिते वर्त्मनि यः प्रवर्तते विमुक्तरागस्य गृहं तपोवनम्।

અર્થ:—રાગિઓને વનમાં વસતાં છતાં પણ દોષ થાય છે,

અને ઘરમાં વસીને પણ પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ અને તપ કરી શકાય છે. જે શુદ્ધ માર્ગમાં પ્રવૃત્તિ કરે છે તેવા રાગહીન પુરુષને માટે ઘર પણ તપોવન જેવું છે. આથી જ ભરત ચક્રવર્તિને આરિસા ભવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

"**थवरिकल्पधर कछु सरागी**" ઇત્યાદિ કહીને પ્રમાદી અને રાગી સાધુઓમાં સંયમનો અભાવ માને છે. પરંતુ આગળ જતાં વિષય અને કષાય સેવનાર સાધુમાં સાધુપણાની સ્થાપના કરીને પણ વર્તમાનકાળનાં સાધુઓમાં સાધુપણું નથી એમ પરસ્પર વિરુદ્ધ કથન શા માટે કર્યું તે સમજાતું નથી. આ ઉપરથી સમયસાર નાટક ગ્રન્થમાં ગુણસ્થાન આદિ દ્રવ્ય અને ભાવ ક્રિયાની સ્થાપના કરી છે તે માત્ર વાણીવિલાસ છે, પણ તેના ઉપર તેમની થોડી પણ શ્રદ્ધા નથી એમ સ્પષ્ટ થાય છે.

## પરિગ્રહ વિચાર

**શંકા:**—સાધુને કિંચિત માત્ર પણ પરિગ્રહ રાખવાનો આદેશ નથી. શ્રી પાક્ષિક (દસવૈકાલિક) સૂત્રમાં સાધુ અલ્પ અગર બહુ સૂક્ષ્મ અથવા સ્થૂલ, સચેત કે અચેત પરિગ્રહને ગ્રહણ ન કરે એમ કથન છે. માટે સાધુએ માત્ર ધર્મોપકરણ પણ પરિગ્રહ રાખવાનો નથી. પરિગ્રહ રાખવાથી વ્રતનો ભંગ થાય છે, એક વ્રત ભંગ થતાં બીજાં વ્રતોનો પણ અવશ્ય ભંગ થાય છે. તો પછી આજકાલના સાધુના સાધુપણા ઉપર કેમ શ્રદ્ધા રાખી શકાય?

**સમાધાન:**—વસ્ત્ર, પાત્ર, કાંબળી વિગેરે ધર્મના ઉપકરણ પરિગ્રહ નથી. દસવેકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં કહ્યું છે કે—

**जंपि वत्थं व पायं वा कंबलं पायपुंछणं ।**
**तंपि संजमलज्जट्ठा धारेंति परिहिंति च ॥**
**न सो परिग्गहो वुत्तो नायपुत्तेण तायिणा ।**
**मुच्छा परिग्गहो वुत्तो इय वुत्तं महेसिणा ॥**

**અર્થ:**—સાધુ જે વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપુંછણ (રજોહરણ) આદિ ધર્મના ઉપકરણ રાખે છે અથવા ધારણ કરે છે તે સંયમની લજ્જાને અર્થે જ છે. ૭ કાયના રક્ષક જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર ધર્મના ઉપકરણને પરિગ્રહ નથી કહેતા, પણ જે વસ્તુમાં મમત્વભાવ છે તેને જ તેઓ પરિગ્રહ માને છે એમ મહા ઋષિઓએ કહ્યું છે.

શ્રાવકાચારમાં શ્રી અમૃતચંદ્રાચાર્ય પણ કહે છે:-

**या मूर्च्छा नामेयं विज्ञातव्यः परिग्रहो ह्येषः।**
**मोहोदयादुदीर्णो मूर्च्छा तु ममत्वपरिणामः॥**

**અર્થ:**—કોઇ પણ પદાર્થમાં જે મૂર્ચ્છા-મમત્વ છે, તે જ પરિગ્રહ છે. મોહનીય કર્મના ઉદયથી પદાર્થમાં મમત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે.

**શંકા:**—તો પણ સાધુને રજોહરણ રાખવાની શી જરૂર છે?

**સમાધાન:**—પુસ્તક, પાત્ર વગેરે ઉપકરણ નીચે મૂકતા તથા લેતા કુંથવા આદિ સૂક્ષ્મ જીવોની હિંસાનો સંભવ છે. તે હિંસાથી બચવાને મુનિએ અવશ્ય રજોહરણ રાખવું જોઇએ. કહેવાનો આશય એ છે કે રજોહરણ આદિ ધર્મના ઉપકરણ રાખવાથી સાધુને કોઇ પણ દોષ લાગતો નથી. ઉપકરણ વિના સંયમ માર્ગમાં બરાબર યતના થઇ શકતી નથી. યત્નામાં જ ધર્મ સમાયેલો છે એમ તીર્થંકર ભગવાન કહે છે.

**શંકા:**—મુખવસ્ત્રિકા રાખવાની શી જરૂર છે?

**સમાધાન:**—મુખવસ્ત્રિકા મુખ ઉપર રાખવાથી ઉડતા સૂક્ષ્મ જીવોનું રક્ષણ થાય છે, માટે મુખવસ્ત્રિકા પ્રથમ અહિંસા વ્રતની ઉપકારક છે. અતિ પ્રાચિન વાચક મુનિ+ પણ કહે છે:—

**सन्ति संपातिमाः सत्वाः सूक्ष्माश्च व्यापिनोऽपरे।**
**तेषां रक्षानिमित्तं च विज्ञेया मुखवस्त्रिका॥**

---

+ અત્યંત પ્રાચીનકાલથી અર્થાત્ ભગવાન મહાવીરના સત્તા કાળથી મુખવસ્ત્રિકાનો રિવાજ ચાલ્યો આવે છે. વાચકમુનિ આજથી લગભગ ૨ હજાર વર્ષ પહેલા થયા તે પણ મુખવસ્ત્રિકાની ઉપયોગિતા અને અનિવાર્યતા દેખાડે તે મુખવસ્ત્રિકાની સિદ્ધિ માટે સબલ પુરાવો છે.

અર્થ:—(તીડ) પતંગ વિગેરે ઉડતા જીવજંતુઓ તથા બીજા જે વ્યાપ્ત થઈને રહેલા સૂક્ષ્મ જીવો છે તેમની રક્ષાનિમિત્તે મુખવસ્ત્રિકાની આવશ્યકતા છે.

શંકા:—શ્વાસોશ્વાસ વર્ગણા અગુરૂલઘુ હોવાથી શ્વાસથી જીવોનો ઘાત કેમ માની શકાય?

સમાધાન:—સિદ્ધાંતકારો કહે છે કે શ્વાસોશ્વાસ વર્ગણાથી ઉત્પન્ન થતું શ્વાસરૂપ કાર્ય આઠસ્પર્શી* હોઈ તેનાથી સૂક્ષ્મ તથા ઉડતા તીડ વિગેરે જીવોનો ઘાત પ્રસિદ્ધજ છે. જેવી રીતે ઈન્દ્રિય પર્યાપ્તિ અંતર્મુહુર્ત કાળ સુધી હોય છે પણ કાર્ય રૂપ ઈંદ્રિયો ગર્ભની વૃદ્ધિથી લઈને સંપૂર્ણ અવયવોની સમાપ્તિ સુધી રહે છે; તે જ રીતે કાર્યરૂપ શ્વાસ શ્વાસના રોગની જેમ શ્વાસથી અન્ય રૂપમાં ઉત્પન્ન થાય છે, તેથી તે અગુરુલઘુ નથી પણ આઠસ્પર્શી છે.

વળી ઉઘાડે મોઢે બોલનારા માણસોના મોઢામાં માખી વિગેરે જીવજંતુનો સહસા પ્રવેશ થવાનો સંભવ છે. બીજું મુખવસ્ત્રિકા રાખવાથી અસંખ્ય જીવાત્મક વાયુકાયના જીવોની વિરાધનાથી પણ બચી શકાય છે. મુખવસ્ત્રિકાની માફક પાત્ર વિગેરે બીજા ઉપકરણ પણ રાખવા જ જોઈએ. વાચક મુનિ કહે છે કે:—

भवन्ति जन्तवो यस्मादन्नपानेषु केषुचित्
तस्मात्तेषां परीक्षार्थं पात्रग्रहणमिष्यते ।

અર્થ:—કોઈ આહારપાણીમાં જીવજંતુ હોય તેની પરીક્ષા કરવા સાધુએ પાત્ર રાખવાનાં છે. વાચક અશ્વસેન વળી કહે છે કે—

मोक्षाय धर्मसिध्यर्थं शरीरं धार्यते यथा
शरीरधारणार्थं च भैक्षग्रहणमिष्यते ।

---

*आनन्ति इति पदेन अध्यात्मक्रिया उच्छ्वसन्तीत्यनेन बाह्यक्रियेति
भगवतीवृत्ति.

**तथैवोपग्रहार्थाय पात्रं चीवरमिष्यते ।**
**जिनैरुपग्रहः साधोरिष्यते न परिग्रहः ॥**

**અર્થ**:—જેમ મોક્ષ અને ધર્મની સિદ્ધિ અર્થે શરીર ધારણ કરવામાં આવે છે, અને શરીર ધારણ કરવાને ભિક્ષા ગ્રહણ કરવી ઇષ્ટ છે, તેમ ઉપગ્રહને અર્થે પાત્ર અને વસ્ત્ર રાખવાની જરૂર છે. સાધુને ઉપગ્રહ ઇષ્ટ છે, પરિગ્રહ નહિ એમ તીર્થંકર ભગવાન કહે છે.

## ઉપસંહાર

**[1]पायण कालदोसा भवंति दाणा परम्मुहा मणुआ ।**
**देवगुरूणमभत्ता पमादिणो तेसिमित्थ रूई ॥**

**અર્થ**:—અવસર્પિણી કાળના પ્રભાવથી ધનોપાર્જન વધારે પ્રમાણમાં થતું નથી. કેટલાક માણસો ધન ઉપાર્જન કરવામાં અસમર્થ હોઈ કાર્પણ્ય વશ થઈ સ્વયં દાનાદિથી નિવૃત્ત થઈ જાય છે. તેઓ દેવ અને ગુરુ પ્રત્યે જરા પણ ભક્તિ રાખતા નથી અને નિરંતર પ્રમાદમાં જ જીવન ગાળે છે તે લોકોની એવા શુષ્ક અધ્યાત્મવાદમાં રુચિ હોઈ શકે. વિના પુરુષાર્થ અને શ્રમે મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવાથી જનસમાજ આ માર્ગ તરફ આકર્ષાઈને ઘોર મિથ્યાત્વમાં પડે છે.

સજ્જનો! આ મતને કાલ્પનિક અને અસત્ય જાણીને વીતરાગની વાણીની આરાધના કરવામાં તત્પર થાઓ. સર્વજ્ઞપ્રણીત સૂત્રોમાં જે કંઈ પ્રરૂપેલું છે તેને જ પ્રમાણ માનો. આ સંભવ છે, ને આ પણ સંભવ છે, આવા કાલ્પનિક વિચારો મનમાં પણ ન લાવો. કાલ્પનિક વિચારોને મનમાં સ્થાન આપવાથી શ્રદ્ધાનો નાશ થવાનો ભય છે. કેટલાક માણસો માર્ગ અને અમાર્ગનો વિવેક કર્યા વિના આ માર્ગ તરફ જુકી રહ્યા છે. જેઓ સર્વ પ્રકારની

---

१ प्रयोण कालदोषाद् भवन्ति दानात् पराङ्मुखा मनुजाः ।
देवगुरूणामभक्ताः प्रमादिनस्तेषामत्ररुचिः ॥

શાસ્ત્રોક્ત ક્રિયાઓનો ત્યાગ કરી માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાથી જ મોક્ષ લાભ થશે, આવી દુરાશામાં પડીને આત્મકલ્યાણની આશા રાખે છે તેવા માણસો માટે નીચેની ઉક્તિ ઠીક લાગે છે:—

**जहा खरो चंदण भारवाही भारस्स भागी न हु चंदणस्स।**
**एवं खु णाणो चरणेण हीणो णाणस्स भागी न हु सुग्गइए॥**

**અર્થ**—જેમ એક ગધેડો ચંદનના ભારને વહન કરે છે તે માત્ર એમ સમજે છે કે તેના ઉપર ચંદનનો ભાર પડેલો છે, પણ તે ચંદનની સુગંધનો અનુભવ કરી શકતો નથી તેમ જ જે ચારિત્ર વગરેનો જ્ઞાની છે તેને જ્ઞાન પણ ભાર રૂપ છે, અને તે જ્ઞાનના ફળ વિરતિ આદિને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી તે સદ્‌ગતિનો પણ પાત્ર નથી. વળી કોઈએ કહ્યું છે કે:—

**शास्त्राण्यधीत्यापि भवन्ति मूर्खाः,**
**यस्तुक्रियावान् पुरुषः स विद्वान्।**
**सुचिन्तितं चौषधमातुराणां,**
**न नाममात्रेण करोत्यरोगम्॥**

**અર્થાત્**—કેટલાક માણસો શાસ્ત્રનો અભ્યાસ કરીને પણ મૂર્ખ રહી જાય છે. શાસ્ત્રોનો અભ્યાસ કરીને તે પ્રમાણે જે આચરણ કરે છે તે વિદ્વાન છે. કોઈ રોગીને કોઈ સારામાં સારી દવા બતાવવામાં આવે પણ જો તે દવાનો ઉપયોગ ન કરે તો તેનો રોગ કદિ પણ મટવાનો નથી. રોગ મટાડવાને જેમ બતાવેલી દવાનો ઉપયોગ કરવો અનિવાર્ય છે તેમ મોક્ષમાર્ગને સમજ્યા પછી મોક્ષ પ્રાપ્ત કરવાને સંયમ, તપ આદિ ક્રિયાઓ કરવી જરૂરી છે.

જે માણસો માર્ગ અને અમાર્ગનો યથાર્થ નિર્ણય કરી શકે છે, તે જ તીર્થંકરપ્રભુની આજ્ઞાનું બરોબર પાલન કરી શકે છે. જે જ્ઞાન અને ક્રિયાના આશયને યથાર્થપણે સમજે છે, તે જ તીર્થંકર પ્રભુની આજ્ઞામાં છે. જે માત્ર જ્ઞાન, કે માત્ર ક્રિયા માટે, એકાન્ત આગ્રહ

શખે છે તે મિથ્યાદષ્ટિ છે અને તેને લીધે તે તીર્થંકર પ્રભુના શાસનથી બહાર છે.

આ લેખ સજ્જનોના હિતાર્થે લખવામાં આવ્યો છે. હિત બે પ્રકારનું હોય છે (૧) ઐહિક–આ લોક સંબંધી અને (૨) આમુષ્મિક–પરલોક સંબંધી. તત્ત્વની દૃષ્ટિએ બીજું હિત તેજ ખરા અર્થમાં હિત અને ગ્રાહ્ય છે. સજ્જન માણસો શુષ્ક અધ્યાત્મવાદના કાળ, કારણ, ક્ષેત્ર આદિને આ લેખદ્વારા જાણીને, તથા અધ્યાત્મવાદિઓનો મત સ્યાદ્વાદમય નથી, કારણ કે તેમનો મત એક નયથી સિદ્ધ અને બીજા નયથી અસિદ્ધ છે, તેથી તેઓ મોક્ષમાર્ગથી દૂર છે. આથી મોક્ષ માટે તેમની સંગતિ સાધનરૂપ નથી. એટલે એ સમ્યક્‌દર્શનનું વમન પણ ન કરે. વક્તવ્ય એ છે કે શુદ્ધ સમકિત પ્રાપ્ત કરીને ચારિત્રમાર્ગ સ્વીકારી સ્વયં તે મોક્ષના અધિકારી બને એમાં જ તેમનું હિત છે.

અધ્યાત્મવાદિઓના અનેક નયાત્મક વાક્યો સાંભળીને સજ્જનો સ્હેજે સમ્યક્ત્વને વમી નાખે છે. સમ્યક્‌દર્શનનું મહત્વ બતાવતા આગમ પણ કહે છે,

**दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्झन्ति चरणभट्ठा दंसणभट्ठा न सिज्झन्ति ॥**

અર્થઃ—સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલો ખરેખર ભ્રષ્ટ છે. સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલાને નિર્વાણ પ્રાપ્ત થતું નથી. ચારિત્રભ્રષ્ટ સિદ્ધ થાય છે પણ દર્શનભ્રષ્ટ* સિદ્ધ થઈ શકતા નથી.

માટે વ્યવહાર અને નિશ્ચયને યથાતથ્ય સમજી સમ્યક્‌દૃષ્ટિ થવું જરૂરી છે. દિગમ્બરોના ષટ્‌પાહુડ ગ્રંથમાં પણ કહ્યું છે કે—

**जे जिणवयणुत्तिण्णं वयणं भासंति जे उ भण्णंति ।**
**सम्मदिट्ठीणं तद्दंसणंपि संसारवुड्ढिकरं ॥**

---

* ચારિત્ર ભ્રષ્ટનો સંસાર વધે તેનાં કરતાં દર્શનભ્રષ્ટનો સંસાર ઘણો વધી જાય છે તથા તેને દુર્લભ બોધિપણાનો પણ સંભવ છે.

અર્થ:—જે લોકો જિનવચનનું ઉલ્લંઘન કરીને કોઈપણ વચનને કહે છે અથવા માને છે, તેવા સમ્યગ્દૃષ્ટિઓને, તે વચન (દર્શન) પણ સંસાર વૃદ્ધિનું કારણ છે; તથા તીર્થંકરના કહેલા પદ અને માત્રા વિગેરેનું અપલાપ કરનાર (ન્યુનાધિક કથનાર) પણ પ્રથમ ગુણસ્થાનમાં જાય છે. કહ્યું પણ છે.

**पयंअक्खरंपि इक्कं जो न रोपइ सुत्तनिदिठ्ठं ।**
**सेसं रोयंतो विहु मिच्छदिठ्ठो जमालिव्व ॥**

અર્થ:—શાસ્ત્રમાં કહેલા એક પદ અથવા અક્ષર પર જેની શ્રદ્ધા નથી અને બાકીના સંપૂર્ણ જિનવચનો પર શ્રદ્ધા છે, તે પણ જમાલીની પેરે મિથ્યાદષ્ટિ છે. વકતવ્ય એ છે કે એક નયાશ્રિત મતના પરિચયથી સમ્યકત્વ ભ્રષ્ટ થવાનો સંભવ છે.

સમ્યકૂદર્શન પ્રાપ્ત કરવાને તીર્થંકર પ્રભુની આજ્ઞાની આરાધના કરવી જોઇએ. તીર્થંકર પ્રભુની આજ્ઞાનું જે શ્રદ્ધાપૂર્વક પાલન કરે છે તે અવશ્ય સંપૂર્ણ કર્મ ક્ષય કરી મોક્ષનો અધિકારી બને છે. જે પ્રમાણ, નય અને નિક્ષેપથી અનભિજ્ઞ છે તે સમ્યકૂદર્શનના અભાવે સંકલ્પવિકલ્પમાં પડીને ભવભ્રમણ જ કરતો રહે છે. સમ્યગ્જ્ઞાનપૂર્વક કરેલી પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઇષ્ટ ફળની પ્રાપ્તિ કરાવે છે. માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને રક્ષાને અર્થે સ્યાદ્વાદમય જૈનદર્શનનો જ આશ્રય લેવો જોઇએ.

શ્રીમન્મેઘવિજયજી ઉપાધ્યાયકૃત યુક્તિપ્રબોધને આધારે કરેલા આ ભાવાનુવાદનો જનતા યોગ્ય લાભ ઉઠાવે એવી ભાવના સાથે પ્રસ્તુત લેખ પૂર્ણ કરતા આનંદ થાય છે.

# પરિશિષ્ટ

## શ્રી કાઠી. સ્થા. જૈન સંઘ સભાની કાર્યવાહીમાંથી

### સોનગઢ પ્રવૃત્તિ અંગેનું નિવેદન

સોનગઢમાં હાલમાં થોડા વખત થયા "સમયસાર" નામના એક દીગંબરીય ગ્રંથની સ્થાપના કરી, તે ગ્રંથના વિચારો જનતામાં ફેલાવવાનો જે પ્રચાર થઈ રહેલ છે તે સંબંધમાં સ્થા. જૈન સમાજને વિદિત કરવાની જરૂર જોવામાં આવે છે કે:—

આ ગ્રંથના મૂળ લેખક શ્રીમદ્ કુંદકુંદાચાર્યે તેમજ ગ્રંથના હિંદી ભાષાંતરકાર પંડિત મનહરલાલે સદરહુ ગ્રંથની પ્રસ્તાવનામાં સ્પષ્ટ કર્યા મુજબ સદરહુ ગ્રંથના વિચારો માત્ર સાતમા ગુણસ્થાનકથી આગળ વધેલાઓને વ્યવહારમાર્ગમાંથી નિશ્ચયના માર્ગપર લઈ જવા માટે જ છે. વળી આ ગ્રંથના વાંચનથી જનતા ભૂલાવામાં ન પડે તે ખાતર સદરહુ ગ્રંથના ટીકાકાર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યે સદરહુ ગ્રંથની સાથે પરિશિષ્ટ જોડીને સમાજને સાવધાન પણ કરેલ છે.

ઉપરની સત્ય વસ્તુથી વાકેફ થઈ, હાલમાં સ્થાનકવાસી જૈન અનુયાયીઓની શ્રદ્ધા અસ્થિર કરી તે તરફથી જે ખેંચાણ થઈ રહેલ છે તેનાથી ચેતતા રહેવા, અને પોતાનું હિત સમજી સ્વધર્મને ચુસ્તપણે વળગી રહેવામાં જ સમાજનું તથા પોતાનું હિત સમાયેલું છે એમ આ સભાનો અભિપ્રાય છે.

વળી આ પ્રવૃત્તિ તરફ પૂરા જાણપણાને અભાવે આપણા કેટલાક ભાઈઓ મોહવશ થઈ ઢળી રહેલ છે. પરિણામે આપણા સમાજના કેટલાક ભાઈઓ વ્યવહાર ધર્મથી વિમુખ થતા જાય છે અને સંવર અને નિર્જરા આપનાર પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ તરફ અરૂચી ઉપજાવી આડકતરી રીતે તેઓ સમાજનું તથા પોતાનું અહિત કરી રહ્યા છે.

ઉપરની હકીકતે આપણા તમામ પૂજ્ય મુનિરાજો તથા મહાસતીજીઓએ આ તરફ જનતાનું ધ્યાન ખેંચવા, તેમ જ આપણા શ્રી સંઘોએ આ બાબત સતત જાગૃત રહી આપણા સમાજના ભાઈઓને શુદ્ધ માર્ગમાં સ્થિર રાખવા બનતું કરવું જોઈએ. તેમ જ **આપણા સંઘોમાં એખલાસ જળવાઈ રહે, તેમાં ફાટફુટ ન પડે, અને શુદ્ધ સ્થા. જૈન મતના સિદ્ધાંતો, માન્યતાઓ અને પરૂપણાને વફાદાર રહી સમાજને અખંડ રાખવા અને તેનું રક્ષણ કરવા દરેક સંઘ પોતાનું કર્તવ્ય સમજે તેવો આ સભાનો અભિપ્રાય છે.**

**ઠરાવ નવમો:** સમાજને સત્ય વસ્તુસ્થિતિનું જ્ઞાન થાય તે માટે 'સમયસાર' ગ્રંથમાં જે જે બાબતો આવેલી છે તેનું વિદ્વાનો પાસે નિરીક્ષણ કરાવી પુસ્તકરૂપે પ્રગટ કરવું.

**ઠરાવ દસમો:** જે શહેર અથવા ગામમાં સ્થા. જૈન સંઘની મિલ્કત ધારણ કરવામાં આવતી હોય, તે શહેર અથવા ગામમાંથી, કોઈ પણ એક કે અનેક વ્યક્તિઓ ધર્મ પરિવર્તન કરે, તો તે પરિવર્તન કરનારનો સંઘની મિલ્કત ઉપર કાયદા અન્વય કાંઈ જ હક રહેતો નથી તે બાબત લક્ષમાં રાખવા દરેક શહેર અને ગામના સંઘનું આ સભા ધ્યાન ખેંચે છે.

**ઠરાવ બારમો:** કોઈપણ ગામમાં આપણા શ્રી સંઘ ઉપર બીજા કોઈ તરફથી આક્રમણ થાય અને મદદ, દોરવણી કે સહાનુભૂતિની માગણી થાય ત્યારે બનતી સક્રિય મદદ કાર્યવાહક સમિતિ આપતી રહે તેમ આ સભા ઠરાવે છે.

| | | |
|---|---|---|
| **રાજકોટ** | **નથુ મુળજી** | **દામોદર જગજીવન** |
| તા. ૧૨-૧૦-૪૧ | શાન્તિ રક્ષક | શાન્તિ રક્ષક અને પ્રમુખ |

શ્રી ભગવતસિંહજી ઇલેક્ટ્રિક લિથો એન્ડ પ્રિન્ટિંગ પ્રેસ
માલિક, મુદ્રક: **પારેખ કેવળચંદ કાનજીભાઈ, ગોંડલ**

# નૂતન પ્રકાશનો

૧ સમયસાર: સંક્ષિપ્ત નિરીક્ષણ
લેખક: પં. મુનિશ્રી હર્ષચંદ્રજી મહારાજ: કિંમત ૦-૨-૬

૨ વ્યવહાર-નિશ્ચય-વિચાર:
શ્રીમેઘવિજયજી કૃત 'યુક્તિ પ્રબોધ'ને આધારે
અનુવાદક: પં. મદનલાલ ચૌધરી: કિંમત ૦-૪-૦

૩ સમયસારની ઓથે:
લેખક: પંડિત શંકરપ્રસાદજી દિક્ષિત: છપાય છે

બીજા પ્રકાશનો તૈયાર થાય છે

પત્રિકાઓ:

સોનગઢ પ્રવૃત્તિ અંગે અભિપ્રાય
૧ સ્થા. જૈન કોન્ફરન્સના નેતાઓ } મફત
૨ જૈન-કુલછાબ-પ્રજાબંધુ પત્રો }
૩ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ. સોલીસીટર

મળવાનું ઠેકાણું:

શ્રી કાઠી. સ્થા. જૈન સંઘ સમિતિ— રાજકોટ
શ્રી શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સ પાયધુની— મુંબઈ
શ્રી સ્થાનકવાસી જૈન કાર્યાલય
પંચભાઈની પોળ— અમદાવાદ